પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૫૯, કુલ પાના:૪, તારીખ: ૩૦-૧૦-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 59 PRICE :-RS. 1.50 DATE : 30-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### શિવ તાંડવ ગાઈને વડાપ્રધાન મોદીનું સ્વાગત કરાયું

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ દિવસના વિદેશ પ્રવાસે ઈટાલી પહોંચ્યા

નવી દિલ્હી,

ઈટાલીની મુલાકાત દરમિયાન વડાપ્રધાન કેથોલિક ખ્રિસ્તીઓના સૌથી મોટા ધર્મગુરુ પોપ ફ્રાન્સિસને પણ મળી શકે છે. જોકે આ મીટિંગ તેમના શિડ્યૂલનો ભાગ નથી અને ન તો વિદેશ મંત્રાલયે આ અંગે સત્તાવાર રીતે કોઈ માહિતી આપી છે. રોમની મધ્યમાં આવેલી અને અલગ દેશનો દરજ્જો ધરાવતી આ બેઠક માટે વડાપ્રધાન વેટિકન સિટી જઈ શકે છે.૩૧ ઓક્ટોબરે વડાપ્રધાન



ઈટાલીથી બ્રિટન પહોંચશે. અહીં તે સ્કોટલેન્ડના ગ્લાસ્ગોમાં થનારા જળવાયુ પરિવર્તન સાથે જોડાયેલા સમ્મેલન(COP26 ક્લાઈમેટ ચેન્જ સમિટ)માં ભાગ લેશે. આ ક્લાઈમેટ ચેન્જ પર ૨૬મી સમિટ હશે. ઈટાલી અને બ્રિટને મળીને તેનુ આયોજન કર્યું છે. આ સમ્મેલનમાં ૧૨૦ દેશો ભાગ લેશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ દિવસના વિદેશ પ્રવાસે ઈટાલી પહોંચ્યા છે. શુક્રવારે તેમણે રાજધાની રોમમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પર ફૂલ ચઢાવ્યા છે. અહીં સંસ્કૃતના શ્લોકોની સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. અહીં તે જી-૨૦ સિમિટમાં ભાગ લેશે. તે પછી વડાપ્રધાન બ્રિટેન ગ્લાસ્ગો (સ્કોટલેન્ડ) પહોંચશે. અહીં તે COP26 ક્લાઈમેટ ચેન્જ સમિટમાં ભાગ લેશે. ન્યુઝ એજન્સીના જણાવ્યા મુજબ, ઈટાલી યાત્રા દરમિયાન વડાપ્રધાન વેટિકન સિટી જઈને પોપ ફ્રાન્સિસને મળી શકે છે. જ૨૦ની આ મીટિંગ વાસ્તવમાં ગત વર્ષે એટલે કે ૨૦૨૦માં થવાની હતી. જોકે કોરોનાના કારણે તેને ટાળવી પડી હતી. હવે તે ઈટાલીના રોમમાં જ થઈ રહી છે. વડાપ્રધાન ૩૧ ઓક્ટોબર બપોર સુધી રોમમાં જ રહેશે. તે પછી ગ્લાસ્ગો રવાના થઈ જશે. જ૨૦ને વર્લ્ડ ઈકોનોમિક એન્જિન પણ કહેવામાં આવે છે. આ ગ્રુપની આ આઠમી બેઠક હશે. આ વખતની થીમ છે- પીપલ, પ્લેનેટ, પ્રોસ્પારિટી. ચાર મુખ્ય મુદ્દાઓ પર વિચાર થશે. તેમાં મહામારીમાંથી રિકવરી અને જળવાયુ પરિવર્તન મુખ્ય મુદ્દા હશે. માનવામાં આવી રહ્યું છે કે મોદી ઈટાલીના વડાપ્રધાન મારિયો દ્રાધીને પણ મળી શકે છે.

### ગાંધીનગર અને નલિયામાં તાપમાનનો પારો ૧૭ ડિગ્રી થતાં લોકો ધ્રુજ્યા

## રાજ્યમાં વહેલી સવારે ગુલાબી ઠંડીમાં વધારો

અમદાવાદ,

સામાન્ય રીતે શિયાળાની ઋતુમાં અને ખાસ કરીને ઓક્ટોબર મહિનામાં સરેરાશ તાપમાન નોંધાતું હોય છે તેના કરતાં આ તાપમાન ૧થી ૨ ડિગ્રી જેટલું વધુ નોંધાઈ રહ્યું છે. નલીયામાં ગઈ કાલે લઘુતમ તાપમાન ૧૭.૨ ડિગ્રી નોંધાયું હતું. આ ઉપરાંત ભુજનુ ૨૦.૮ ડિગ્રી, મહુવાનું ૨૦.૭ ડિગ્રી અને કેશોદનું ૨૦.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ, ગાંધીનગર સહિત રાજ્યના મોટાભાગના શહેરોનું મહત્તમ તાપમાન ૩૩થી ૨૪ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. હાલમાં ઉત્તરથી ઉત્તર-પશ્ચિમ તરફના પવન શરૂ થયાં છે. હવામાન વિભાગના સુત્રોનું કહેવું છે કે, આગામી દિવસોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો થશે. જેથી લોકોને કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે. આગામી અઠવાડિયામાં જ ઠંડીનો ચમકારો અનુભવાશે. આ વખતે ડિસેમ્બર અને જાન્યુઆરીમાં આકરી



ઠંડી પડશે..ગાંધીનગર અને ઉત્તર ગુજરાતમાં આ વખતે ઠંડીનો ચમકારો વધુ અસરકારક રહેવાની પણ શક્યતાઓ છે. ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ફૂંકાયેલા ઉત્તર-પૂર્વિય પવનના કારણે મંગળવારે દિવસ અને રાતના તાપમાનમાં ૧ થી ૧.૫ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. જેના કારણે ઠંડીનું જોર વધ્યું હતું. કલાકે ૪ કિમી ઝડપે ફૂંકાયેલા ઉત્તર-પૂર્વિય પવનના કારણે ભેજનું પ્રમાણ સાતેક ટકા ઘટ્યું હતું. જેના કારણે રાત્રીના તાપમાનમાં દોઢેક ડિગ્રીના ઘટાડા સાથે મુખ્ય ૫ શહેરોમાં ઠંડીનો પારો ૨૧ થી ૨૧.૪ ડિગ્રી, જ્યારે ગરમીનો પારો ૧ ડિગ્રી સુધી ઘટતાં મુખ્ય ૫ શહેરોમાં ૩૩ થી ૩૩.૬ ડિગ્રીની વચ્ચે તાપમાન નોંધાયું હતું. દિવસ અને રાતના તાપમાનમાં આવેલા ઘટાડાના કારણે ફરી એકવાર ઠંડીનું જોર વધ્યું હતું.ગુજરાતમાં ઉત્તર પૂર્વના પવનો ફૂંકાવાની શરૂઆત થતાં જ આગામી સમયમાં ઠંડીનો ચમકારો વધવાના સંકેતો મળી રહ્યાં છે. રાજ્યના કેટલાક શહેરોમા તો શિયાળાની ગાત્રો થીજવતી ઠંડીનું આગમન પણ થઈ ગયું છે. ગાંધીનગર શહેરમાં બે દિવસથી લઘુતમ તાપમાનનો પારો ગગડતાં લોકો ધ્રૂજી ઊઠયાં છે. પાટનગરમાં આજે લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાય હતુ જ્યારે મહત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી નોંધાયું હતું. આમ ગાંધીનગરમાં દિવસના તાપમાનની સરખાણીએ રાત્રીનું તાપમાન ૫૦ ટકા સુધી ગગડયું હતુ. હવામાન વિભાગના મતે આગામી ત્રણ દિવસમાં લઘુતમ તાપમાનમાં ત્રણ ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડીના ચમકારમાં હજુ વધારો થઈ શકે છે. અમદાવાદમાં આગામી ૩ દિવસ સરેરાશ મહત્તમ તાપમાન ૩૪ અને સરેરાશ લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રીની આસપાસ રહેવાનું હવામાન વિભાગ દ્વારા અનુમાન કરાયું છે. અમદાવાદ અને ગાંધીનગરના તાપમાન વચ્ચે ૪.૩ ડિગ્રીનો તફાવત જોવા મળ્યો છે. ગાંધીનગર અને નલિયા સિવાય રાજ્યના તમામ શહેરોનું લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીથી ઉપર નોંધાયું છે.

## દિવાળીના તહેવાર પર સરકાર રાત્રિ કર્ફ્યુમાં મોટી રાહત મળશે

અમદાવાદ,

નવા વર્ષ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમોનું આયોજન કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન, ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦ ટકા (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) કરી શકાશે. સિનેમાહોલ ૧૦૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે. કોરોનાની ગાઈડ લાઈનનું પાલન કરવાની શરતે S.O.P.ને આધિન, ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં છઠ્ઠ પૂજાના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરી શકાશે. ઉપરાંત, સ્પા સેન્ટરો કોરોના ગાઈડલાઈનના ચુસ્તપણે પાલન સાથે સવારેના ૯ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. સ્પા સેન્ટરના માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓ માટે કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ ફરજિયાત રહેશે. ગુજરાતના ૮ મુખ્ય શહેરોમાં તારીખ ૩૦-૧૦-૨૦૨૧થી ૩૦-૧૧-૨૦૨૧ સુધી દરરોજ રાત્રિના ૧થી સવારના ૫ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યુ અમલમાં રાખવાનો નિર્ણય કરાયો છે. તમામ દુકાનો, વાણિજ્યિક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટિંગ યાર્ડ, અઠવાડિક ગુજરી/બજાર/હાટ, હેર કટિંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ રાત્રિના ૧૨ કલાક સુધી રાખી શકાશે. રેસ્ટોરન્ટ્સ રાત્રિના ૧૨ કલાક સુધી બેસવાની ક્ષમતાના મહત્તમ ૭૫ ટકા ક્ષમતા સાથે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકાશે. હોમ ડિલિવરી તથા ટેક અવે પણ રાત્રિના ૧૨ કલાક સુધી ચાલુ રાખી શકાશે. ગુજરાતમાં કોરોના વાયરસના કેસો ઘટીને તળિયે આવી ગયા છે અને રસીકરણ પણ સારું એવું થઈ ગયું છે ત્યારે રાજયમાં દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખતા સરકાર દ્વારા રાત્રિ કર્ફ્યુમાં મોટી છૂટછાટ આપવામાં આવી છે.

## ગુજરાતમાં ઉત્તર-પૂર્વના ઠંડા પવનો ફુંકાશે કાંતિલ ઠંડી પડશે : હવામાન વિભાગ

અમદાવાદ,

હવામાન વિભાગના મતે આગામી ત્રણ દિવસમાં લઘુતમ તાપમાનમાં ત્રણ ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડીના ચમકારમાં હજુ વધારો થઈ શકે છે. અમદાવાદમાં આગામી ૩ દિવસ સરેરાશ મહત્તમ તાપમાન ૩૪ અને સરેરાશ લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રીની આસપાસ રહેવાનું હવામાન વિભાગ દ્વારા અનુમાન કરાયું છે. અમદાવાદ અને ગાંધીનગરના તાપમાન વચ્ચે ૪.૩ ડિગ્રીનો તફાવત જોવા મળ્યો છે. ગાંધીનગર અને નલિયા સિવાય રાજ્યના તમામ શહેરોનું લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીથી ઉપર નોંધાયું છે. રાજ્યમાં વહેલી સવારે આકરી ઠંડીનો ચમકારો અનુભવાયો. દિવાળી અને નવા વર્ષના તહેવારોમાં આકરી ઠંડી પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આગામી ત્રણ દિવસમાં તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાશે. ઉત્તર-પૂર્વના પવન ફૂંકાતા ઉત્તર ગુજરાત,કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઠંડીનો ચમકારો રહેશે. ગુજરાતીઓએ થોડા દિવસો સુધી બેવડી ઋતુનો અનુભવ કરવો પડશે. ગુજરાતમાં ઉત્તર પૂર્વના પવનો ફૂંકાવાની શરૂઆત થતાં જ આગામી સમયમાં ઠંડીનો ચમકારો વધવાના સંકેતો મળી રહ્યાં છે. રાજ્યના કેટલાક શહેરોમા તો શિયાળાની ગાત્રો થીજવતી ઠંડીનું આગમન પણ થઈ ગયું છે. ગાંધીનગર શહેરમાં બે દિવસથી લઘુતમ તાપમાનનો પારો ગગડતાં લોકો ધ્રૂજી ઊઠયાં છે. પાટનગરમાં આજે લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાય હતુ જ્યારે મહત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી નોંધાયું હતું. આમ ગાંધીનગરમાં દિવસના તાપમાનની સરખાણીએ રાત્રીનું તાપમાન ૫૦ ટકા સુધી ગગડયું હતુ.

## કર્ણાટકમાં એક જ સ્કૂલમાં ૩૨ વિદ્યાર્થી પોઝિટિવ

નવી દિલ્હી,

કર્ણાટકના કોડગૂના મદિકેરીમાં જવાહર નવોદય વિદ્યાલયમાં ૨૭૦માંથી ૩૩ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ હોવાનું જણાયું હતું. જોકે, આ વિદ્યાર્થીઓમાંથી કોઈનામાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા નહોતા. છતાં બધા જ વિદ્યાર્થીઓને આઈસોલેટ કરાયા છે. જોકે, સ્કૂલ તંત્રનું કહેવું છે કે વિદ્યાર્થીઓએ ગભરાવાની જરૂર નથી.હવે સ્કૂલના કર્મચારીઓના પણ કોરોના ટેસ્ટ કરાઈ રહ્યા છે. અગાઉ સપ્ટેમ્બરમાં પણ કર્ણાટકની એક કોલેજ કોરોના હોટસ્પોટ બની હતી. દેશમાં ગુરુવારે કોરોનાના નવા ૧૬,૧૫૬ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કેસની સંખ્યા વધીને ૩,૪૨,૩૧,૮૦૯ થઈ છે જ્યારે એક્ટિવ કેસ ઘટીને ૧,૬૦,૯૮૯ થયા



છે, જે ૨૪૩ દિવસમાં સૌથી ઓછા છે. કોરોનાથી વધુ ૭૩૩નાં મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૫૬,૩૮૬ નોંધાયો છે. જોકે, ગુરુવારે નોંધાયેલા ૭૩૩માંથી ૬૨૨ મોત કેરળમાં નોંધાયા હતા. કેરળમાં ૬૨૨માંથી ૯૩ મોત છેલ્લા કેટલાક દિવસમાં થયા હતા જ્યારે કોરોનાના ૩૩૦ દર્દીઓના મોતની અપૂરતા દસ્તાવેજોના કારણે ગયા વર્ષે ૧૮મી જૂન પછીથી પુષ્ટી થઈ નહોતી. વધુમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશો પછી કેન્દ્ર સરકારની નવી માર્ગદર્શિકાના આધારે મળેલી અરજીઓના પગલે ૧૯૯ લોકોના મોતને કોરોનાથી મોત થયા હોવાનું ગણાવાયું છે તેમ સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના એક્ટિવ કેસમાં ૧,૬૭૨ ઘટયા છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૩,૩૬,૧૪,૪૩૪ દર્દીઓ સાજા થયા છે. દેશમાં ગુરુવારે રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાનના ભાગરૂપે કુલ ૧૦૪.૦૪ કરોડથી વધુ ડોઝ અપાયા છે. દરમિયાન કેન્દ્ર સરકારે કોરોના કન્ટેનમેન્ટ ઝોન સંબંધિત રાષ્ટ્રવ્યાપી માર્ગદર્શિકા ૩૦મી નવેમ્બર સુધી લંબાવી છે. કેટલાક રાજ્યોમાં સ્થાનિક સ્તરે કોરોનાના કેસ વધ્યા છે અને કોરોના મહામારી હજુ પણ જાહેર સ્વાસ્થ્ય માટે પડકારજનક છે. કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ જણાવ્યું હતું કે કોરોનાનો પ્રસાર રોકવા માટે હાલમાં લાગુ પ્રોટોકોલ ૩૦મી નવેમ્બર સુધી લંબાવાયો છે.દેશમાં કોરોનાની સ્થિતિ એકંદરે નિયંત્રણ હેઠળ આવતાં અનેક રાજ્યોમાં સ્કૂલો ખૂલવા લાગી છે. જોકે, કર્ણાટકના કોડગૂ જિલ્લાની એક સ્કૂલમાં કોરોના વિસ્ફોટની ઘટના સામે આવી છે. અહીં એક જ સ્કૂલમાં ૩૨ વિદ્યાર્થીઓ કોરોનાની ઝપટમાં આવી ગયા છે. મોટાભાગના રાજ્યોમાં સ્કૂલ-કોલેજો ખૂલવાની શરૂ થઈ ગઈ છે. તેવા સમયમાં આ ઘટનાથી માતા-પિતા સંતાનોના સ્વાસ્થ્ય મુદ્દે ચિંતિત થઈ ગયા છે. દરમિયાન દેશમાં ગુરુવારે કોરોનાના દૈનિક ૧૬,૧૫૬ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોનાના કુલ કેસ ૩.૪૨ કરોડથી વધુ થયા છે જ્યારે જે એક્ટિવ કેસ ઘટીને ૧.૬૦ લાખ થયા છે, જે ૨૪૩ દિવસમાં સૌથી ઓછા છે.

## રાહુલ ગાંધીના ગુજરાત આગમનને લઈ સ્વાગતના બેનર લગાવ્યાં

સુરત,

લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદી ઉપર નિશાન તાકતા તેમણે દેશના કૌભાંડોની વાત જાહેર મંચ ઉપરથી કરી હતી. તે સમય દરમિયાન જે અલગ-અલગ કૌભાંડો બહાર આવ્યા હતા તેમાં નીરવ મોદી અને લલિત મોદીનું નામ પણ બહાર આવ્યું હતું. રાહુલ ગાંધીએ જાહેર મંચ પરથી કહ્યું કે આ તમામ કૌભાંડીઓ અને ચોરોના નામ પાછળ ની અટક મોદી જ કેમ હોય છે. તમામ મોદી ચોર હોય છે. એ પ્રકારનું નિવેદન કરતાં તે જ ઘરના મોદી અટક ધરાવતા સમાજમાં રોષ વ્યાપ્યો હતો. સુરત વિધાનસભા વિધાનસભા ના ધારાસભ્ય પોલીસ મોદી દ્વારા રાહુલ ગાંધી સામે માનહાનિનો કેસ સુરત કોર્ટમાં દાખલ કર્યો હતો.કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી આજે સુરત ખાતે આવશે. બપોરે ૨ કલાકે સુરત એરપોર્ટ પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી લેન્ડિંગ કર્યા બાદ લગભગ ૨:૩૦ વાગે કોર્ટ તરફ રવાના થશે એટલું જ નહીં પણ ૩:૦૦ વાગે કોર્ટમાં હાજર રહેશે.પછી સાંજે ૫ કલાકે દિલ્હી જવા રવાના થશે. ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધીએ ચૂંટણી વખતે મોદી અટક બાબતે ટીપ્પણી કરી હતી. આ ટીપ્પણીને લઈને તેમની સામે બદનક્ષીનો કેસ સુરતના ધારાસભ્ય અને રાજ્યના મંત્રી પૂર્ણેશ મોદીએ કર્યો હતો.રાહુલ ગાંધીના આગમન પૂર્વે કોર્ટ




પરિસરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. તો કોંગ્રેસના નેતાઓ પણ સુરત આવી પહોંચ્યાં છે. રાહુલ ગાંધીના એરપોર્ટથી લઈને કોર્ટ સુધીના રસ્તામાં સ્વાગત કરતાં બેનર લગાવવામાં આવ્યાં છે. સુરતમાં મુખ્ય બે સ્થળો પર રાહુલ ગાંધીનું સ્વાગત કરવામાં આવશે. સુરત શહેર કોંગ્રેસ દ્વારા એસવીએનઆઈટી સર્કલ અને પૂજા અભિષેક ટાવર પાસે કાર્યકર્તાઓ દ્વારા રાહુલ ગાંધીનું સ્વાગત કરાશે. તેમજ સુરત જિલ્લા અને દક્ષિણ ગુજરાતની કોંગ્રેસની ટીમ દ્વારા એરપોર્ટથી એસવીએનઆઈટી સુધી બે પોઈન્ટ બનાવીને રાહુલ ગાંધીનું સ્વાગત કરશે. કોંગ્રેસ નેતાઓને દિશાસૂચન કરવા લાભ પાંચમ પછી ત્રિદિવસીય ચિંતન શિબિર યોજશે. આ શિબિરમાં રાહુલ ગાંધી સતત ૩ દિવસ ગુજરાત રોકાશે તેમ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ચાવડાએ જણાવ્યું હતું. સુરતના ધારાસભ્ય પૂર્ણેશ મોદી દ્વારા માનહાનિનો કેસ સુરત કોર્ટની અંદર દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદી પક્ષ દ્વારા આ સમગ્ર કેસની અંદર વધુ સાક્ષીઓના તપાસ થવી જોઈએ એ પ્રકારની હાઈકોર્ટની અંદર અરજી કરવામાં આવી હતી. જેને નામદાર કોર્ટે મંજૂર કરતાં અન્ય બે જેટલા સાક્ષીઓના નિવેદન લેવાયા હતા. ત્યારબાદ રાહુલ ગાંધીને ફરી પોતાનું વધારાનું નિવેદન આપવા માટે હાજર રહેવાનો હુકમ કર્યો હતો.

## Facebook હવેથી Meta તરીકે ઓળખાશે

નવી દિલ્હી,

ફેસબુકના ફોર્મર સિવિક ઈન્ટીગ્રિટી ચીફ સમિધ ચક્રવર્તી તરફથી આ નવા નામનું સૂચન આપવામાં આવ્યું હતું. માર્ક જુકરબર્ગ પહેલેથી જ વર્ચ્યુઅલ રિયાલિટી




અને ઓગમેન્ટેડ રિયાલિટીમાં ભારે રોકાણ કરી રહ્યા હતા તેવામાં તેમના માટે પોતાની કંપનીનું નામ બદલીને મેટા કરી દેવું કોઈ મોટી વાત નહોતી. હવે આ નવા નામ દ્વારા તેઓ આખી દુનિયા સામે પોતાને ફક્ત એક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પૂરતા સીમિત નહીં રાખે.સોશિયલ મીડિયા કંપની ફેસબુકે પોતાનું નામ બદલી નાખ્યું છે. હવેથી દુનિયા ફેસબુકને 'મેટા' તરીકે ઓળખશે. ફાઉન્ડર માર્ક જુકરબર્ગે ગુરૂવારે એક મીટિંગ દરમિયાન આની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, ઘણાં લાંબા સમયથી ફેસબુકનું નામ બદલવાની ચર્ચા ચાલી રહી હતી. ત્યારે હવે તે પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે અને ફેસબુકનું નવું નામ 'મેટા' કરી દેવામાં આવ્યું છે. માર્ક જુકરબર્ગ ઘણાં લાંબા સમયથી પોતાની સોશિયલ મીડિયા કંપનીનું ફરી બ્રાન્ડિંગ કરવા ઈચ્છતા હતા. તેઓ તેને એકદમ અલગ ઓળખ આપવા ઈચ્છે છે, એક એવી જ્યાં ફેસબુકને ફક્ત એક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તરીકે ન જોવામાં આવે. હવે તે દિશામાં આગળ વધીને ફેસબુકનું નામ બદલીને મેટા કરી દેવામાં આવ્યું છે. કંપનીનું ફોકસ હવે મેટાવર્સ બનાવવા પર છે જેના દ્વારા એક એવી વર્ચ્યુઅલ દુનિયાની શરૂઆત થશે જ્યાં ટ્રાન્સફર અને કોમ્યુનિકેશન માટે અલગ અલગ ટૂલનો ઉપયોગ કરી શકાશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી ઓડીદ્રા દુધ ઉ.સ.મં.લી.
મુ. ઓડીદ્રા,
તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ અર્જૂનસિંહ હાથીભાઈ
મુ. મોરડુંગરા,
તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મનસુરી કૈયુમભાઈ ઈસુબભાઈ
મુ. ટીમ્બારોડ (ગોઠડા),
તા. ગોધરા

## ફેસબુક, ગુગલ અને ટ્વિટરની પુછપરછ થશે

લંડન,

ઓનલાઈન સેફ્ટી કાયદા માટ તૈયાર કરાયેલા મુસદ્દાને કેવી રીતે વધુ અસરકારક બનાવી શકાય તે માટે યુકેના સંસદસભ્યોની આ સમિતિ હાલ વિવિધ ક્ષેત્રના સંશોધકો, પત્રકારો, ટેક્નોલોજી કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ અને અન્ય નિષ્ણાતોના અભિપ્રાયો અને સૂચનો લઈ રહી છે. આ તમામ લોકોના અભિપ્રાયો અને સૂચનો બાદ કમિટિ એક રિપોર્ટ તૈયાર કરશે અને તેને સરકારને સુપરત સકરશે. અમેરિકાની સેનેટની કમિટિ જે સપ્તા દરમ્યાન યુટયુબ, ટિકટોક ને સ્નેપચેટના પ્રતિનિધિઓની પૂછપરછ કરવાની છે તે સપ્તાહ દરમ્યાન યુકેના સાંસદો પણ સોસિયલ મીડિયાની કંપનીઓના પ્રતિનિધિઓની પૂછપરછ કરશે.યુઝર્સની સલામતિના મુદ્દે યુકેના સાંસદો ટૂક સયમાં જ ફેસબુક, ટ્વિટર અને ગુગલ જેવી સોશિયલ મીડિયાની મહાકાય કંપનીઓની આકરી અને સઘન પૂછપરછ કરી તેના કાન આમળશે. બીજી બાજુ યુરોપમાં સોશિયલ મીડિયા ઉપર નિયંત્રણ રાખવાના પ્રયાસોએ તેજ ગતિ પકડી હતી. બ્રિટનની સરકાર ઓનલાઈન સેફ્ટી અંગેનો એક કાયદો લાવી રહી છે અને તે અંગેનો એક મુસદ્દો પણ તૈયાર કરી દેવાયો છે. આ મુસદ્દાની ઉંડાણપૂર્વકની ચકાસણી અને સમીક્ષા કરવાના હેતુથી સંસદસભ્યોની એક સમિતિની પણ રચના કરી દેવામાં આવી છે. આ સમિતિમાં સમાવિષ્ટ સાંસદો ફેસબુક, ગુગલ, ટ્વિટર અને ટિકટોકના પ્રતિનિધિઓને યુઝર્સની સલામતિને લગતાં સંખ્યાબંધ પ્રશ્નો પૂછશે. યુરોપ ખંડમાં આવેલા તમામ દેશો પણ સોશિયલ મીડિયા ઉપર સક્રિય રહેતાં અને વિશેષ કરીને કુમળી વયના કિશોર-કિશોરીઓની સલામતી અને ન્ય યુઝર્સની પ્રાઈવસીના રક્ષણ અને સલામતી બાબતે ખુબ જ ચિંતિત છે તેથી તે દેશોએ પણ સોશિયલ મીડિયા ઉપર નિયંત્રણ લાદવાના પ્રયાસો તેજ કરી દીધા છે પરંતુ બ્રિટનની સરકાર તે દિશામાં સૌથી આગલ નીકળી ગઈ છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લામાં ફરતા પશુ દવાખાનાની અનેરી સફર



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં શરૂ કરવામાં આવેલી મોબાઇલ વેટેનરી ડિસ્પેન્સરી જિલ્લાના પશુપાલકો માટે આશીર્વાદરૂપી સાબિત થઇ રહી છે. ત્યારે જિલ્લામાં ચાલી રહેલી મોબાઇલ વેટેનરી ડિસ્પેન્સરી દ્વારા અત્યાર સુધી કુલ મળીને પશુઓના૩૮૦૯ સારવારને લગતા કોલ મળ્યા છે. તેમજ૫૩૨૧૩ શિડ્યૂલ દરમિયાન ફાળવેલ ૧૦ ગામમાં અને ઈમરજન્સી મા ૩૮૦૯ પશુની સારવાર કરવામાં આવી છે.

આ અંગે માહિતી આપતા જિલ્લા પશુપાલન અધિકારીએજણાવ્યું કે, મોબાઇલ વેટેનરી ડિસ્પેન્સરી દ્વારા મહીસાગર જિલ્લાના તાલુકા પ્રમાણે કરાયેલી સારવારની સંખ્યા જોઈએ તો લુણાવાડામાં ૧૨૨૪૫,ખાનપુરમાં ૧૨૦૯૫,બાલાશિનોરમાં ૮૯૬૫,વિરપુરમાં ૬૨૩૦, સંતરામપુરમાં ૯૮૫૦ અને કડાણા તાલુકામાં ૧૦૮૭૬ મળી ૫૭૦૨૨ પશુઓની સારવાર કરવામાં આવી છે. જિલ્લામાં કુલ ૧૪ આવા ફરતા પશુ દવાખાના છે. જેમાં લુણાવાડા તાલુકામાં હાથીવન ગામ અને પાદેડી ગામ અને ખાનપુરમાં તાલુકામાં લીમડી ટીંબા ગામ, કનોડ ગામ અને મુડાવડેખ ગામ, બાલાશિનોર તાલુકામાં જનોડ ગામ, વિરપુર તાલુકામાં કોયલા ગામ, સંતરામપુર તાલુકામાં ભાણસીમલ, બટકવાડા અને ખેરવા ગામ અને કડાણા તાલુકામાં લાડપુર, ડિટવાસ, ઝાલાસાગ અને નાનીરાઠ ખાતે આ ફરતા પશુ દવાખાના કાર્યરત છે.

ફરતા પશુ દવાખાના દ્વારા સારવાર આપવામાં આવેલા રોગના પ્રકારો જોઈએ તો જિલ્લાના પશુઓમાં મોટા ભાગે બાહ્ય પરોપજીવીની સારવાર આ સેવામાં કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં ૨૭૬૪૨ પશુઓને બાહ્ય પરોપજીવીથી મુક્ત કરવામાં આવ્યા છે. આ જ રીતે ૩૧૯૫ પશુઓને ધાની સારવાર અપાઇ છે. ૫૯૦ પશુઓના ગર્ભ પરીક્ષણ કરવામાં આવ્યા છે. ઘણી વખત એવું થાય છે કે પશુપાલકને માલૂમ પડતું નથી કે પશુને ગર્ભ રહ્યો છે કે નહીં ? એવા સમયે આ સેવા મદદ પૂરી પાડે છે. તાવના ૧૪૨૫, ઝાડાના ૪૩૧૪ કેસોમાં સારવાર આપવામાં આવી છે. કૃમિના ૨૬૪૦, આફરાના ૬૭૯ કેસોમાં સારવાર આપવામાં આવી છે. વધારા પડતું લીલું ઘાસ ખાવાથી કે કોઇ ચારો ખાવાથી પશુઓને ગેસ થવાની સમસ્યાને આફરો કહેવામાં આવે છે. પાઠાના ૧૨૨૦, ઓર ના પડવાના ૨૮૬ ઉપરાંત ગાભણ પશુઓને સિઝેરીયન કરીને બચ્ચાને જન્મ આપવામાં આવ્યો છે અનેરાની પશુઓ દ્વારા હુમલામાં ઘાયલ થયેલા પશુઓને પણ આ મોબાઇલ વેટેનરી ડિસ્પેન્સરી દ્વારા સારવાર આપવામાં આવી છે.

આ ઉપરાંત ૩૪૧૫૨ ગાયો, ૧૮૪૮૫ ભેંસો અને ૩૬૮૯ બકરા ઉપરાંત ૩૯૪ કૂતરા, ૧૧૨ ઘોડા, ૫૬ મરઘા, ૨૯ ઊંટ, ૯ બિલાડી, ૧૦ કબૂતર, ૧ ચામાચીડીયા, ૩ કાગડા, ૯ ગધેડા, ૪ બાજ, ૧૦ સસલા, ૧ વાંદરા, ૧ મોર જેવા પ્રાણીઓની પણ સારવાર કરવામાં આવી છે.

આમ, ફરતા પશુ દવાખાના દ્વારા મહીસાગર જિલ્લામાં ઉત્તમ સેવા કરી રહયાં છે. જિલ્લા વિકાસ અધિકારી કે. ડી લાખાણી તથા જિલ્લા પશુપાલન અધિકારી ડો. એમ.જી.ચાવડા, જિલ્લા પ્રોજેક્ટ ઈન્ચાર્જ ચિરાગ સોલંકીસમયાંતરે આ કામગીરીની સમીક્ષા કરતા રહે છે. જેના થકી જિલ્લામાં પશુપાલન વ્યવસાયને સારું ઉતેજન મળતા પશુપાલકોની આવકમાં ઉતરોતર વધારો નોંધાયો છે.

## મહીસાગર જિલ્લામાં ગ્રામવિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણના મંત્રી અર્જૂનસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં જિલ્લા ભાજપ સંગઠનની બેઠક યોજાઇ



લુણાવાડા,
ગ્રામવિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણનામંત્રી અને મહીસાગર જિલ્લા પ્રભારી મંત્રી અર્જૂનસિંહ ચૌહાણ જિલ્લાના પ્રવાસે આવ્યા હતા. જિલ્લાના પ્રવાસના પ્રારંભમાં બાલાસિનોર ભાજપ કાર્યાલય ખાતે પૂર્વ ધારાસભ્ય રાજેશભાઇ પાઠક તેમજ તાલુકા ભાજપ પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ તેમજ નગરપાલીકા પ્રમુખ, માજી ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, જિલ્લાના વિવિધ મંડળ–મોરચા–સેલના હોદ્દેદારો સહિત સામાજિક અગ્રણીઓ, નાગરીક ભાઈ બહેનો મોટી સંખ્યામાં જોડાઇ મંત્રીનું પુસ્તક, સાફો, તલવાર અને પુષ્પગુચ્છ થી સનમાન કરવામાં આવ્યું હતું.

તેમની જિલ્લા મુલાકાત દરમ્યાન પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે કડાછલા ખાતે ઉમળકાભેર સન્માન કરી નવતર અભિગમ અપનાવીબુકે નહિ બુક થી સ્વાગતને સાર્થક કરતાં સૌ પ્રથમ વખત મંત્રીની નોટબુકોદ્વારાનોટબુક તુલા કરવામાં આવી હતી. બાદ આ નોટબુકોને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનેવિતરણ કરવામાં આવશે.

પ્રભારીમંત્રીનું લુણાવાડા સરકીટ હાઉસ ખાતે જિલ્લા ભાજપના અગ્રણી હોદ્દેદારો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મંત્રીની અધ્યક્ષતામાંલુણાવાડાસરકીટ હાઉસ ખાતેજિલ્લા ભાજપ સંગઠનની સંકલનની બેઠક યોજાય હતી. જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભાર્ગવભાઇ ભટ્ટ,ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વૈધાનીક બાબતોના રાજ્યકક્ષા મંત્રી કુબેરભાઇ ડીંડોર, જિલ્લા પ્રભારી બાલકુષ્ણ શુકલ, સહ પ્રભારી કૈલાસબેન,જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા સાંસદ રતનસિંહ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર,ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક,મહામંત્રી સર્વરાવજીભાઇ પટેલ,પ્રદીપસિંહ રાઠોડ, જયેન્દ્રભાઇ બારોટ,પુર્વ ધારાસભ્ય માનસિંહ ચૌહાણ,પુર્વ ધારાસભ્ય કાળુભાઇ માલીવાડ, પુર્વ ધારાસભ્ય રાજેશભાઇ પાઠક,મહીલા આયોગ અધ્યક્ષ લીલાબેન અંકોલીયા, પુર્વ ભાજપ પ્રમુખ જે પી પટેલસાથે જિલ્લા ભાજપ સંગઠનની બેઠકમાં ઉપસ્થિત રહી સંગઠનની કામગીરી અંગે ચર્ચા વિચારણા કરી હતી.

વધુમાં મંત્રીએવડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ભાજપ સરકારની યોજનાઓ અને કાર્યો છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું અવિરત કાર્ય વેગવંતુ બનાવવાની નેમ વ્યકત કરી હતી વધુમાં તેમણે રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી લોક્કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી હાંસલ કરવામાં આવેલ સિધ્ધિઓની ઝાંખી કરાવી હતી. તેમણે વધુમાં સંગઠનના પદાધિકારીઓને જિલ્લાનો કોઇપણ સાચો લાભાર્થી યોજનાઓના લાભથી વંચિત રહેવા ન પામે તે જોવા અનુરોધ કર્યો હતો.

## નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં રંગોળી સ્પર્ધા યોજાઈ




તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

સંતરામપુર,
આગામી તહેવારને અનુલક્ષીને મહીસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળીયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા, નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં ધોરણ ૬ થી ૮ ના બાળકોની રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. બાળકોમાં રહેલ જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય અને સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે હેતુથી શાળાના બાળકો માટે દિવાળીના તહેવાર ને ધ્યાને રાખી આયોજન કરેલ. બાળકોએ સ્થાનિક પર્યાવરણમાંથી પ્રાપ્ય વસ્તુઓ જેવી કે, ઈંટ, કાંકરા, લોટ, વિવિધ રંગબેરંગી ફૂલો અને ફૂલની પાંદડીઓ, વૃક્ષના નાના મોટા પાંદડાઓ વગેરે વસ્તુઓનો ઉપયોગ કરી આકર્ષક રંગોળીઓ અને દિવાળીની શુભકામનાઓ પાઠવેલ. ધોરણ ૧ થી ૫ ના બાળકોએ પણ શેરી શિક્ષણ દરમ્યાન આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સમગ્ર સ્પર્ધામાં શાળાના આ.શિ. રમેશકુમાર ચૌહાણે માર્ગદર્શન આપેલ અને શાળાના આચાર્ય લખમણભાઈ ખરાડીએ તહેવારને અનુલક્ષીને બાળકો તથા શાળા પરિવારને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

### ગુજરાતમાં એક હજાર એકર જમીનમાં

## મેગા ટેક્સટાઈલ પાર્ક બનાવવાનો માર્ગ મોકળો

અમદાવાદ,
પ્રધાનમંત્રી મેગા ઈન્ટીગ્રેટેડ ટેકસટાઈલ રીજિયન એક્ર અપરૅરલ (પિએમ-મિત્ર) પાર્ક યોજના હેઠળ ભારતનાં પ્રથમ વિશાળ પાર્ક સુરત અથવા ભરૂચના ટેકસટાઈલ હબની પાસે બનવાની સંભાવના છે. ગુજરાત ઔદ્યોગીક વિકાસ નિગમ (GIDC) પ્રસ્તાપિત પાર્ક માટે ૧ હજાર એકરથી વધુ જમીનને આખરી સ્વરૂપ આપવાનો નિર્ણય અંતિમ તબકકે છે કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે મેગા ઈન્ટીગ્રેટેડ ટેકસટાઈલ્સ પ્રદેશો અને એપરેલ પાર્કની જગ્યાઓ સ્પર્ધાત્મક પસંદગી દ્વારા જ નકકી કરવામાં આવશે. રાજ્ય સરકારને પુરો ભરોસો છે કે રાજયને ભારતનો સૌ પ્રથમ પીએમ મિત્ર પાર્ક મળશે જ કારણ કે તે કાપડ ઉત્પાદનમાં અને વેપારમાં અગ્રેસર છે. પાર્ક માટે ઓછામાં ઓછી ૧૦૦૦ એકર જમીનની જરૂર છે. આ બાબતે મળતી માહીતી મુજબ, GIDCએ નવસારી, ભરૂચ અને સુરત જીલ્લામાં જમીન જોઈ છે.પ્લાનીંગ ટીમે ભરૂચનાં ચાર વિસ્તારોની મુલાકાત લીધી હતી. જેમાં ખાનપુર-દેહ (૮૧૧૨ હેકટર) ઉબેર (૧૦૦૦ હેકટર), માલપુર (૧૯૯ હેકટર) અને બરેલી (૬૨૨ હેકટર) ખાતે જમીન જોઈ હતી. ઉપરાંત સુરત અને નવસારીમાં પણ અન્ય સ્થળો જોવામાં આવી રહ્યા છે. આ યોજના એક જ સ્થળે એક સંકલીત ટેકસટાઈલ વેલ્યુ ચેઈન બનાવવાની તક આપશે. જે તમામ વ્યવસાયીક પાસાઓ સ્પીનીંગ વેવીંગ, પ્રોસેસીંગ, ડાઈવ, પ્રિન્ટીંગ, ગારમેન્ટ મેન્યુ ફેકચરીંગ ફેલાયેલી છે. સામાન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ગ્રીનફીલ્ડ પીએમ મિત્ર પ્રોજેકટને રૂા.૫૦૦ કરોડનો મહતમ સહાય (DCS) અપાશે તો બ્રાઉનફીલ્ડ પ્રોજેકટને ૨૦૦ કરોડ અપાશે. કાપડ ઉત્પાદન એકમોની વહેલી સ્થાપના માટે દરેક પાર્કને રૂા.૩૦૦ કરોડની સહાય અપાશે. આમ પીએમ મિત્ર યોજનાના પાર્કમાં ૨૦ હજાર કરોડથી વધુનુ રોકાણ અપેક્ષીત છે.છેલ્લાં બે-ત્રણ વર્ષમાં ગુજરાતમાં અનેક મોટા પ્રોજેક્ટની સ્થાપના થઈ છે.રાજ્યમાં મેગા ટેક્સટાઈલ પાર્ક બનાવવાનું પ્લાનિંગ પણ શરૂ કરી દેવાયું છે. જેમાં ભરૂચ, સુરત અને નવસારી પૈકી એક સ્થળની આ માટે પંસદગી થઈ શકે છે. કેન્દ્ર સરકાર કાપડ ઉદ્યોગના વિકાસ માટે પીએમ-મિત્રા યોજનાને મંજૂરી આપતા જ ગુજરાતમાં પણ મેગા ટેક્સટાઈલ પાર્કની સ્થાપનાનો માર્ગ મોકળો બન્યો છે. આ સ્કીમ હેઠળ દેશમાં સાત ટેક્સટાઈલ મેગા પાર્ક માટે આગામી પાંચ વર્ષમાં લગભગ રૂ. ૪૪૪૫ કરોડનો ખર્ચ કરવાની યોજના છે.

## ૧૪૪૪ મેગાવોટ સોલાર રૂફટોપ સિસ્ટમની સ્થાપના સાથે ગુજરાત દેશમાં પ્રથમ

ગાંધીનગર,
આજે ગુજરાતે ઊર્જાની પંચશકિતઓ સોલાર, થર્મલ, હાઇડ્રો, ગેસ અને ન્યૂકલીયરનો વીજ ઉત્પાદનમાં વિનિયોગ કરવાની નવતર પહેલ કરી છે અને ઊર્જા ઉત્પાદન-વિતરણમાં અગ્રેસરતા પ્રાપ્ત કરી છે. ગુજરાતે વીજ ઉત્પાદનમાં અનેક સુધારાલક્ષી ઉપક્રમ હાથ ધરીને આત્મનિર્ભરતા સાથે દેશના એનર્જી હબ બનવાની દિશામાં વર્તમાન શાસનની રાજકીય ઈચ્છાશકિત સાબિત કરી છે. આમ, ગુજરાતના ઊર્જા ક્ષેત્રની નવતર પહેલો વિશ્વ માટે પથદર્શક બની રહેશે.ગુજરાત સરકારે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિને પહોંચી વળવા બિનપરંપરાગત ઊર્જા સ્રોતોની મહત્વતા વધતી જાય છે. આ સંદર્ભે ગુજરાત સરકારે બિનપરંપરાગત ઊર્જા સ્રોતો પર સવિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જે અંતર્ગત રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વમાં વર્ષ ૨૦૦૯માં કલાઈમેટ ચેન્જ અંગે અલાયદો વિભાગ શરૂ કરી ગુજરાત એશિયામાં પ્રથમ સ્થાને રહ્યું છે. આજે રાજ્યમાં બિનપરંપરાગત ઊર્જા સ્રોત જેવા કે પવન ઊર્જા, સૌર ઊર્જા, જૈવિક ઊર્જા, હાઈડ્રો પાવર વગેરે દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે રાજયમાં ૧૪,૯૬૩ મેગાવોટ ક્ષમતાના પ્રોજેક્ટોની સ્થાપના કરવામાં આવી છે. જે દેશની કુલ સ્થાપિત ક્ષમતાની ૧૫ ટકા જેટલી છે અને આ ક્ષમતા સાથે ગુજરાત દેશમાં તૃતીય સ્થાન ધરાવે છે. સરકારે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬-૧૭થી ખાનગી રહેણાંક ઉપર સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપવાની યોજના કાર્યરત છે. આ યોજના હેઠળ ૨,૮૪,૦૦૦ ખાનગી રહેણાંકીય ઈમારતો ઉપર ૧,૦૮૧ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપવામાં આવી છે. ખાનગી રહેણાંક ઉપર સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઔદ્યોગિક, વાણિજ્યક અને રહેણાંકીય ક્ષેત્રે કુલ ૧,૪૪૪ મેગાવોટ સોલાર રૂફટોપ સિસ્ટમની સ્થાપના સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૦૮-૦૯માં ગુજરાતમાં દેશની પ્રથમ 'સોલાર પાવરહ્ર પોલીસીની જાહેરાત બાદ વર્તમાન પરિસ્થિતિએ રાજ્યની સોલાર પાવર પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા ૫,૯૪૭ મેગાવોટ છે. આમ, આ સોલાર પાવર પ્રોજેક્ટની સ્થાપના સાથે ગુજરાત દેશમાં તૃતીય સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૧થી પાટણના ચારણકા ગામે એશિયાનો સૌથી વધુ ક્ષમતા ધરાવતો સોલાર પાર્ક કાર્યરત છે. જ્યાં ૮૫૦ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્રોજેક્ટ કાર્યરત છે. સરકારે જણાવ્યું હતુ કે, વર્ષ ૨૦૧૨માં દેશમાં સૌપ્રથમ ૧ મેગાવોટ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના ગુજરાતમાં કરવામાં આવી છે. આજ સુધી કુલ ૩૭ મેગાવોટ કેનાલ ટોપ સોલાર પાવર પ્રોજેક્ટ કાર્યરત છે. દુનિયાના સૌથી વિશાળ ૩૦ ગીગાવોટ ક્ષમતાના હાઈબ્રીડ (સોલાર અને વિન્ડ) રીન્યુએબલ એનર્જી પાર્કનું કચ્છના ખાવડા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા દસ વર્ષમાં ૨૬૮ ગૌશાળા/ પાંજરાપોળ/શૈક્ષણિક સંસ્થાઓમાં કુલ ૧૯,૪૬૦ ઘનમીટર પ્રતિદિવસની ક્ષમતાના સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. છેલ્લા દસ વર્ષમાં સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, વિશ્રામગૃહો ઉપર ૭૬,૪૫૦ વિદ્યાર્થીઓ માટે કુલ ૧૯,૦૬,૦૦૦ લિટર પ્રતિદિવસની ક્ષમતાની સોલાર હોટ વોટર સિસ્ટમ બેસાડવામાં આવી છે. રાજ્યના ૧૩,૫૭૨ વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ઈલેક્ટ્રિક દ્વિચક્રી વાહનો માટે સબસિડી આપવામાં આવી છે. વર્ષ ૧૯૯૩માં ગુજરાતમાં દેશની પ્રથમ 'વિન્ડ પાવરહ્ર પોલીસીની જાહેરાત બાદ વર્તમાન પરિસ્થિતિએ રાજ્યની વિન્ડ પાવર પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા ૮,૮૬૦ મેગાવોટ થવા પામી છે. આમ, ગુજરાત વિન્ડ પાવર પ્રોજેક્ટની સ્થાપના કરવામાં દેશમાં દ્વિતીય સ્થાન ધરાવે છે. બાલ ઊર્જારક્ષક દળ કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક-માધ્યમિક શાળાના ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ અને ૧૫૦૦ શિક્ષકોને ઊર્જાના નીતિમય અને શાણપણભર્યા ઉપયોગ માટે પ્રતિવર્ષ તાલીમ આપવાની પ્રવૃત્તિ હાથ ધરાય છે.

## વડોદરા શહેરમાં ૯૭.૫૬ ટકા લોકોએ રસીનો પહેલો ડોઝ લીધો

વડોદરા,
વડોદરા શહેરમાં નોંધાયેલા નવા કેસો મકરપુરા અને સનફાર્મા રોડ, ગોત્રી તથા માંજલપુર જીઆઇડીસી રોડ ખાતે નોંધાયા હતા. જ્યારે કુલ દર્દીઓનો આંક ૭૨,૧૨૧ પર પહોંચી ગયો છે. દિવસ દરમિયાન ૨ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. હાલમાં એક દર્દી ઓક્સિજન પર રાખવામાં આવ્યો છે. જ્યારે ક્વોરન્ટાઈન દર્દીની સંખ્યા ૨૬ ૫૨ પહોંચી ગઇ છે. સતત બે દિવસથી વધી રહેલા કેસો ત્રીજી લહેરની શરૂઆત તો નથી ને તેવી આશંકા તંત્રમાં પણ ફેલાઇ ગઇ છે.વડોદરા શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૭૨,૧૨૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી પૂર્વ ઝોનમાં ૯૬૭૮ પશ્ચિમ ઝોનમાં ૧૨,૦૦૭, ઉત્તર ઝોનમાં ૧૧,૮૦૨, દક્ષિણ ઝોનમાં ૧૧,૮૨૩, વડોદરા ગ્રામ્યમાં ૨૬,૭૭૫ અને ૩૬ કેસ બહારના શહેર અને રાજ્યોના નોંધાયા છેવડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, વડોદરા શહેર અને જિલ્લામાં કોરોનાના પોઝિટિવ કેસનો કુલ આંક ૭૨,૧૨૧ ઉપર પહોંચી ગયો છે. વડોદરા જિલ્લામાં સત્તાવાર મૃત્યુઆંક ૬૨૩ ઉપર સ્થિર રહ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૭૧,૪૮૧ લોકો કોરોનાને માત આપી ચૂક્યા છે. વડોદરામાં છેલ્લા ૩૬ કલાકમાં કોરોનાના ૭ કેસ નોંધાયા હતા. આમ બે દિવસમાં જ ૧૨ દર્દીઓ આવ્યાં હતા. બીજી તરફ એક્ટિવ દર્દીઓની સંખ્યા પણ ૧૧થી વધીને બે દિવસમાં ૧૭૫૨ પહોંચી ગઇ છે. દેશમાં કોરોનાના કેસો વધી રહ્યાં છે, તેની સામે વડોદરા શહેરમાં પણ કેસો વધતા હવે લોકોએ પણ સાવધ થવાની જરૂર છે. વડોદરા શહેરમાં દક્ષિણ ઝોનમાં ૨ અને પશ્ચિમ ઝોનમાં ૪ નવા કેસો આવ્યા છે. વડોદરામાં ચાલી રહેલા કોરોના અંગેના રસીકરણમાં ગુરુવારે પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૪૨૧૯ નોંધાઈ હતી આ સાથે પ્રથમ ડોઝ ની ટકાવારી ૯૭.૫૬% થઈ હતી.શહેરમાં ચાલી રહેલા રસીકરણમાં છેલ્લા ઘણા સમયથી ઝડપથી વધારો નોંધાયો છે જે પૈકી પ્રથમ ડોઝ લેનારની સંખ્યા દિવાળી સુધીમાં સો ટકા થઈ જાય તેવા જણાય છે ૯૮% નજીક પહોંચેલી આ ટકાવારીમાં હવે માત્ર બે ટકા લોકો જ બાકી રહ્યા છે ત્યારે સેકન્ડ ડોઝ ની ટકાવારી પણ ઝડપથી વધી રહી છે. સેકન્ડ ડોઝ લેનારની સંખ્યા ગુરુવારે ૧૪૭૭૫ રહી હતી. આરોગ્ય વિભાગ દ્વારા ઘેર સર્વે કરવાનો ફરી એક વખત શરૂ કરાયું છે જેને પગલે રસી લેનારની સંખ્યામાં વધારો થયો હોવાનું આરોગ્ય વિભાગ જણાવે છે. ગુરુવારે સેકન્ડ ડોઝ લેનારની ટકાવારી પણ ૭૨.૮૬ નોંધાઈ હતી.

## હવેથી અમદાવાદનો એરિયલ વ્યુ હેલિકોપ્ટરમાં બેસીને માણી શકાશે

અમદાવાદ,
અમદાવાદના એલિસબ્રિજથી સરદારબ્રિજ સાઈડના રિવરફ્રન્ટ પર ગુજસેલ દ્વારા ત્રણ વોટર એરોડ્રામ હેલિપેડ બનાવાયા છે. જેની ઉડાન, રુટ સહિતની સ્ટેટ એવિએશન વિભાગની મંજૂરીની પ્રક્રિયા અંતિમ તબકકામાં હોવાનું જાણવા મળ્યું છે હેલિકોપ્ટર જોય રાઈડમાં ઉપયોગમાં લેવાનાર સિંગલ એન્જીન બેલ ૪૦૭ હેલિકોપ્ટરમાં એક કેપ્ટન એક એન્જિનિયર સહિત પાંચ મુસાફરોને બેસાડી શકાશે. એટલે કે એક હેલિકોપ્ટરની ટ્રિપમાં પાંચ મુસાફરો જોય રાઈડની મજા માણી શકશે. હેલિકોપ્ટની ટ્રિપની વાત કરીએ તો કુલ આ રાઈડ ૭-૧૦ મિનિટની રહેશે.હવે અમદાવાદીઓ હેલિકોપ્ટરમાં બેસીને એરિયલ વ્યૂની મજા માણી શકશે. મીડિયા રિપોર્ટ મુજબ અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર હેલિકોપ્ટર જોય રાઈડની સેવા આગામી ટૂંક જ સમયમાં શરૂ કરવાની તૈયારીઓ અંતિમ તબક્કામાં હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદના સાબરમતી રિવેરફ્રન્ટથી કેવડીયામાં આવેલ સ્ટેચ્યૂ ઓફ યુનિટી વચ્ચે સી પ્લેનની સેવા ગત ઓક્ટોબર મહિનામાં શરૂ કરવામાં આવી હતી. આ સેવા એક વર્ષમાં જ મુસાફરો ન મળતા બંધ કરી દેવાઈ છે. આમ સી-પ્લેનના ફિયાસ્કા બાદ હવે અમદાવાદમાં જો હેલિકોપ્ટરથી જોય રાઈડ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. જો કે, આ પ્રોજેક્ટ પણ કેટલો કારગત નીવડે છે તે આગામી સમયમાં જોવાનું રહેશે. મીડિયા રિપોર્ટ મુજબ આ જોય રાઈડમાં બેસવા માટે વ્યક્તિદીઠ બે હજારની આસપાસ ટિકિટ રાખવામાં આવી છે.

## પોરબંદરમાં મહિલા, સિનીયર સીટીઝનોની સુરક્ષા માટે મહિલા ટીમની રચના

પોરબંદર,
મહિલા ટીમ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં દિવાળીના તહેવારો દરમ્યાન પેટ્રોલીંગ કરશે અને મહિલા તથા સીનીયર સીટીઝનોને મદદરૂપ બનશે. મહિલાઓને તાત્કાલીક જરૂર પડયે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન તથા મહિલા હેલ્પલાઈન નં. ૧૮૧ તથા ૧૦૦ નંબર ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.પોરબંદર પોલીસ ટીમ દ્વારા દિવાળીના તહેવારોમાં મહિલાઓ અને સીનીયર સીટીઝન ભીડભાડ વાળી જગ્યામાં ખરીદી કરવા જતી હોવાથી તેમની સુરક્ષા માટે ખાસ મહિલા ટીમની રચના કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ આગામી સમયના તહેવારોમાં મહિલાઓ તથા સીનીયર સીટીઝનો સોનીબજાર, બંગડી બજાર, વીવી બજાર તથા અન્ય ભીડભાડ વાળા વિસ્તારોમાં ખરીદી કરવા માટે આવે છે ત્યારે તેની સુરક્ષા માટે જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનમાં મહિલા ટીમની રચના કરવામાં આવી છે.

## ગરીબીને કારણે કોઈ કેસ ના લડી શકે એવું ના થાય એ પ્રાથમિકતા રહેશે : કેન્દ્રિય મંત્રી

નવી દિલ્હી,
કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ગુજરાત હાઈકોર્ટના પબ્લીક પ્રોસીકયુટર મીતેષ અમીન તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સતા મંડળના સભ્ય સચિવ મહે. આર. એ. ત્રિવેદી સાહેબએ મુખ્યત્વે પોકસો એકટ તથા મફત કાનૂની સહાય વિશે માહિતી આપી હતી. પબ્લીક પ્રોસીકયુટર મીતેષ અમીન દ્વારા મુખ્યત્વે પોકસો એકટમાં રહેલી જોગવાઈઓ તથા આવા ગુન્હાઓ થતા કેવી રીતે અટકાવી શકાય અને બહેનો અને બાળકીઓમાં જાગૃતિ ફેલાવીને આવા ગુનાઓ રોકી શકાય તે અંગે માહિતી આપવામાં આવી હતી. વધુમાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સતા મંડળના સભ્ય સચિવ મહે. આર. એ. ત્રિવેદી સાહેબ દ્વારા મફત અને સક્ષમ કાનૂની સહાય કેવી રીતે મળી શકે અને કોને મળી શકે અને લીગલ સર્વીસીસ ઓથોરીટી એકટ, ૧૯૮૯ની જોગવાઈઓ વિષે માહિતી આપવામાં આવી હતી અને લોના વિદ્યાર્થીઓને નાલ્સા દ્વારા ચાલી રહેલા પાન ઈન્ડિયા અવેરનેસ અને આઉટરીચ કાર્યક્રમમાં જોડાવવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં એલ. જે. ટ્રસ્ટના પ્રમુખ શમીમ પીરઝાદા તથા એલ. જે. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર દીનેશ અવસ્થી તથા એલ. જે. યુનિવર્સિટીના ઉપ-પ્રમુખ મનીષ શાહ તથા એલ. જે. સ્કુલ ઓફ લોના ઈન્ચાર્જ ડાયરેકટર ચૈતાલી જાની ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, અમદાવાદ (ગ્રામ્ય)ના સચિવ એચ.જે.વસાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.સરકારે જણાવ્યું કે, રાષ્ટ્રીય કાનૂની સેવા સતા મંડળ એટલે કે નેશનલ લીગલ સર્વીસીસ ઓથોરીટી (NALSA), સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયા, નવી દિલ્હી અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સતા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ તથા ભારત સરકાર દ્વારા ઉજવાઈ રહેલા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે નેશનલ લીગલ સર્વીસીસ ઓથોરીટી દ્વારા ૦૨-૧૦-૨૦૨૧થી ૧૪-૧૧-૨૦૨૧ સુધી એટલે કે સતત ૪૪ દિવસ સુધી પાન ઈન્ડીયા અવેરનેસ અને આઉટરીચ કેમ્પેઈન ચાલી રહ્યુ છે અને જેના અનુસંધાનમાં વિવિધ કાનૂની જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, અમદાવાદ (ગ્રામ્ય) દ્વારા એલ. જે. સ્કુલ ઓફ લોમાં લો સ્ટુડન્ટ માટે એક લીગલ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી કિરણ રીજીજુ ઉપસ્થિત રહયા હતા. કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી કિરણ રીજીજુએ જણાવ્યું હતું કે તેમના દ્વારા ભારતના રાષ્ટ્રપતિ અને સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે ૦૨-૧૦-૨૦૨૧ના રોજ નાલ્સા દ્વારા પાન ઈન્ડીયા અવેરનેસ અને આઉટરીચ કેમ્પેઈનની શરૂઆત કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે અમે નિશ્ચિત કર્યુ છે કે સુપ્રીમ કોર્ટના માર્ગદર્શનમાં અને સરકારની સહાયથી દેશભરમાં ફ્રી લીગલ અવેરનેસ ચલાવવામાં આવશે. ગરીબીને કારણે કોઈ કેસ ના લડી શકે એવું ના થાય એ પ્રાથમિકતા રહેશે. ગુજરાતના સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીના માધ્યમથી સરસ કામ ચાલી રહ્યું છે. દેશના ન્યાયાલયોમાં ખાલી જગ્યાઓ મામલે તેમણે કહ્યું કે ન્યાયાલયમાં ૧૦૧ જજીસની એપોઈન્ટમેન્ટ ૨૫ તારીખમાં પૂર્ણ કર્યા છે. વર્ષના અંત સુધીમાં રેકોર્ડ એપોઈન્ટમેન્ટ પૂર્ણ કરીશું. તેમણે કહ્યું હતું કે NALSA અને DSLA, અમદાવાદ સાથે સંકલનમાં લોકોને મફત કાનૂની સહાય પૂરી પાડવા માટે વિવિધ પગલાં લેવા બદલ હું અમદાવાદની એલ. જે. યુનિવર્સિટીની લોક જાગૃતિ (LJ) સ્કૂલ ઑફ લૉની પ્રશંસા કરું છું. સમગ્ર રાજયમાં કેમ્પેઈન ખુબજ સરસ ચાલી રહ્યું છે. તેમણે ભારત સરકાર દ્વારા પણ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે સૌથી મોટા લોકશાહી દેશની આઝાદીના ૭૫ વર્ષ પુરા થયાની ઉજવણી મોટા પાયા પર કરવી જ જોઈએ. વધુમાં તેઓએ જણાવ્યું કે ભારત દેશના સમગ્ર વિસ્તારમાં દરેકે દરેક જિલ્લામાં અને નાનામાં નાના ગામડાઓમાં પણ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ચાલી રહી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## લીમખેડાના કુણધા ગામે ખેતરમાં ઉગાડેલ
# ૮.૪૦ લાખના ગાંજાના જથ્થા સાથે એક ઈસમને SOGએ ઝડપ્યો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના કુણધા ગામેથી દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે એક ખેતરમાં ઉગાડેલ લીલા ગાંજાના છોડ નંગ.૫૪૦ કિંતમ રૂા.૯,૪૦,૦૦૦ના જથ્થા સાથે ખેતર માલિકની પોલીસે અટક કરી છે. અગાઉ સીંગવડ તાલુકાના હાંડી ગામેથી એક સાથે ત્રણ ખેતરોમાંથી રૂા. પોણા ત્રણ કરોડના ખેતરમાંથી ગાંજાના છોડ સાથે પણ એકને પોલીસે ઝડપી પાડ્યો હતો ત્યારે દાહોદ શહેર સહિત જિલ્લામાં ગાંજાનું સેવન કરતાં યુવાધન સહિત ટીનએજના વાલીઓ માટે આ બનાવો લાલબત્તી સમાન બની રહેવા પામ્યા છે.

થોડા દિવસો અગાઉ દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના હાંડી ગામેથી ત્રણ ઈસમોના ત્રણ અલગ અલગ ખેતરોમાં એસ.ઓ.જી. અને એલ.સી.બી. પોલીસની સંયુક્ત ટીમે રૂા. ૨,૭૪,૫૪,૦૦૦ના કુલ ૨૩૧૮ ગાંજાના છોડ સાથે એકને ઝડપી પાડ્યો હતો જ્યારે બે જણા નાસી જવામાં સફળ રહ્યાં હતાં. આ રેડ બાદ ગતરોજ ફરી સીંગવડ નજીક આવેલ લીમખેડા તાલુકાના કુણધા ગામે એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ જિલ્લા પોલીસ વડા હિતેશ જોયષના માર્ગદર્શન હેઠળ ટીમે કુણધા ગામે સુથાર ફળિયામાં રહેતાં છત્રસિંહભાઈ રામાભાઈ ચૌહાણના ખેતરમાં ઓચિંતી તપાસ હાથ ધરતાં ખેતરમાં ઉગાડેલ લીલા ગાંજાના છોડ નંગ. ૫૪૦ વજન ૯૪ કિલો ગ્રામ જેની કુલ કિંમત રૂા. ૯,૪૦,૦૦૦ના ગાંજાના છોડના જથ્થા સાથે છત્રસિંહભાઈની પોલીસે અટક કરી હતી.

દાહોદ શહેર સહિત જિલ્લામાં હાલ ગાંજાનું સેવન કરતાં લોકો બેફામ બની રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે. દાહોદ જિલ્લામાં આ ગાંજાના વાવેતર કરી મધ્યપ્રદેશ અને રાજસ્થાનના જિલ્લામાં પણ સપ્લાય કરતાં હોવાની ચર્ચાઓએ ભારે જોર પકડ્યું બીજી તરફ ખાસ કરીને યુવાધન અને ટીનએજ જે ૧૫ થી લઈને ૨૫ વર્ષના વયના બાળકો દારૂના નશાથી વળીને આ ગાંજાના સેવનના લતના રવાડે ચઢી ગયાં છે. ગાંજાનું સેવન કરતા બાળકોમાં સુખી સમ્પન્ન ઘરના બાળકોનો પણ સમાવેશ થાય છે. ગાંજાના સેવનના લતે ચઢેલ યુવાનો અને બાળકોના વાલીઓએ ખાસ ચેતી જવાની જરૂર છે. પોતાના બાળકો પર ખાસ ધ્યાન આપવાની હાલના સમયની માંગ છે. દાહોદ જિલ્લામાં હાલ ગાંજાની ખેતી ફુલીફાગી રહી છે ત્યારે દાહોદ જિલ્લા પોલીસ તંત્ર પણ આ મામલ ગંભીરતા દાખવી રહી છે અને ગાંજાની ખેતી કરી રહેલા તત્વો પર બાજ નજર રાખી કાયદેસરની કાર્યવાહી કરી રહી છે.

દાહોદ જિલ્લામાં ગાંજો ખુલ્લેઆમ વેચાય છે અને પીવાય છે. જાણવા મળ્યાં અનુસાર, ગાંજો દાહોદ જિલ્લામાં ૧૫ થી ૩૦ હજારની કિંમતમાં વેચાય છે. દાહોદમાં ખાસ એવા ઠેકાણો પણ છે જ્યાં ગાંજો પીવા ગંજેડીઓ ભેગા થતાં હોય છે અને ગાંજો પીવા માટે મહેફીલો પણ જામે છે માટે ખાસ કરીને આવી જગ્યાઓ અને સ્થળોએ પોલીસે બાજ નજર રાખવી પણ અતિઆવશ્યક બની રહ્યું છે.

## દાહોદ જિલ્લામાં બેંકો દ્વારા એક જ પખવાડિયામાં રૂ. ૫૧ કરોડનું ગ્રાહકોને ધીરાણ કરાયું



દાહોદ,

અર્થતંત્રને પૂરપાટ ઝડપે દોડાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ક્રેડીટ આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત દાહોદ જિલ્લામાં છેલ્લા એક જ પખવાડિયામાં બેંક્સ દ્વારા રૂ. ૫૧ કરોડનું ધીરાણ કરવામાં આવ્યું છે અને આ ધીરાણ હાથોહાથ આપવા માટે અહીં સ્વામિ વિવેકાનંદ સંકુલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ જણાવ્યું કે, કોરોના કાળમાં વેપાર ધંધાઓને અસર થઇ છે અને બીજી બાજુએ બેંકોમાં કેશ ડિપોઝીટ રેશિયો ઘટ્યો છે. એનો અર્થ એ થયો કે કોરોનાકાળમાં બેંકો પાસેથી ધીરાણ લેવાવાળાની સંખ્યા ઓછી થઇ છે. હવે, આ બાબતને ધ્યાને રાખીને કેન્દ્ર સરકાર ઉદ્દાત નિર્ણય લેવામાં આવ્યો છે અને અગ્રતાના વિભાગો જેવા કે કૃષિ, ગૃહ અને નાના ઉદ્યોગોને સામે ચાલીને લોન આપવામાં આવે.

તેના અંતર્ગત દાહોદ જિલ્લામાં ક્રેડીટ આઉટરીચ પ્રોગ્રામ ચાલું કરવામાં આવ્યો હતો. એક જ પખવાડિયામાં વિવિધ ક્ષેત્રમાં રૂ. ૫૧ કરોડ જેટલું ધીરાણ અપાયું છે. મતબલ કે આ સમયગાળા દરમિયાન દાહોદના અનેક લોકોને વેપારધંધા માટે કે ઘર બાંધવા માટે નાણાકીય મદદ મળી છે.

ધંધાવ્યવસાય માટે લોન મેળનારા નાગરિકોને શીખ આપતા ડો. ગોસાવીએ કહ્યું કે, સરકારના પ્રયત્નોથી નાણાકીય મદદ મળી છે ત્યારે, પોતાનો વ્યવસાય કે ધંધો સારી કરીને પ્રગતિ સાધવાની આ તક મળી છે અને તે માટે સખત તથા સતત મહેનત કરતી રહેવી પડશે.

જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે બેંકર્સને પ્રેરક સૂચન કરતા કહ્યું કે, દાહોદ જિલ્લાની નારીશક્તિ ગૃહ ઉદ્યોગના માધ્યમથી સારી રીતે આર્થિક પ્રગતિ સાધી શકે એમ છે. સખી મંડળો આ માટે કાર્યરત છે. જેમા રાજ્ય સરકાર મદદ કરે છે. આવા સખી મંડળોને નિયત મર્યાદામાં બેંક તરફથી સમયસર લોન મળે તે જરૂરી છે.

તેમણે ઉક્ત સંદર્ભમાં ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના પણ અમલમાં છે. મહિલાઓના સંગઠનની કાર્યક્ષમતા ઉપર બેંક્સ વિશ્વાસ રાખીને ઉદ્દાતભાવે લોન આપે તે જરૂરી છે. મહાનુભાવો દ્વારા લાભાર્થીઓને ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ વેળાએ બેંક ઓફ બરોડાના એજીએમ રોહિત કુમાર, બેંક ઓફ ઈન્ડિયાના એજીએમ પારસનાથ પાંડે, બરોડા ગ્રામીણ બેંકના એજીએમ ચંદ્રમોહન શૈલી, લીડ બેંકના મેનેજર સુરેશ બારિયા તથા રજનીકાંત મુનિયા ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા સેવા સદન ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં દિશા બેઠક યોજાઇ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં દિશા બેઠક યોજાઇ હતી. આ સમીક્ષા બેઠકમાં સાંસદ ભાભોરે જિલ્લાના વિવિધ વિભાગોની યોજનાઓ-કાર્યની સમીક્ષા કરી હતી અને જરૂરી સૂચનો આપ્યા હતા. બેઠકમાં વિધાનસભાના દંડક રમેશભાઇ કટારા અને ધારાસભ્ય બચુભાઇ ખાબડ સહિતના જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ડિસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો. ઓર્ડિનેશન અને મોનિટરીંગ કમિટીની સમીક્ષા બેઠકમાં સાંસદ જસવંતસિંહ ભાભોરે જનકલ્યાણ-સુવિધાલક્ષી કાર્યોને ઝડપથી પૂરા કરી નાગરિક સુખાકારી વધારવા માટે સૂચન કર્યું હતું. બેઠકમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, દિવ્યાંગ કલ્યાણ યોજનાઓ, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, ખેડૂતોને લગતી યોજનાઓ, આરોગ્ય વિભાગની યોજનાઓ, બેન્કિંગ સેવાઓની જિલ્લામાં કામની પ્રગતિની સમીક્ષા કરી હતી અને ઉપસ્થિત અધિકારીઓને અગત્યના કાર્યોને પ્રાથમિકતા આપી ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી હતી.

સાંસદ ભાભોરે જિલ્લામાં પીએમ આયુષ્યમાન ભારત યોજનાનો લાભ દરેક કુંટુંબ સુધી પહોંચે તે માટે વધુમાં વધુમાં નાગરિકોને આ યોજનામાં જોડવા માટે યોગ્ય આયોજન કરવા જણાવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીએ આ સંદર્ભે જણાવ્યું કે જિલ્લામાં આયુષ્યમાન કાર્ડ માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે અને વિવિધ કેમ્પો યોજીને ઝડપથી લોકોને આ યોજના સાથે જોડવામાં આવશે. બેઠકમાં બેન્કિંગ સેવાઓને વધુ યોગ્ય રીતે લોકો સુધી પહોંચાડવા માટે જણાવવામાં આવ્યું હતું.

બેઠકમાં કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત વિવિધ યોજનાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. પાસપોર્ટ ઓફિસ દ્વારા ૭૦૭ જેટલા પાસપોર્ટ ઇસ્યુ કરવામાં આવ્યા છે. જયારે પોસ્ટ વિભાગમાં પણ નાગરિકો મોટી સંખ્યામાં બચત યોજનાઓમાં રોકાણ કરી રહ્યાં છે.

પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઇ ખાબડે ધાનપુર અને દેવગઢ બારીઆ ખાતે નવા એટીએમ શરૂ કરવા સૂચન કર્યા હતા. આ ઉપરાંત સાંસદ ભાભોરે કોરોના સમયે અંતરિયાળ વિસ્તારમાં બંધ કરવામાં આવેલી બસ સુવિધાને પૂર્વવત કરવા પણ સૂચન આપ્યું હતું.

બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીઆ, ધારાસભ્ય વજુભાઇ પણદા, કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, ડીઆરડીએ નિયામક બલાત, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## આ દિવાળી અવસર છે વોકલ ફોર લોકલ બનવાનો : સાંસદ જસવંતસિંહ ભાભોર



દાહોદ,

દિવાળીના સપરમા તહેવારોમાં સ્થાનિક કલાકારો સારી આજીવિકા મેળવી શકે એ માટે છાબ તળાવ ખાતે આવેલા મા ભારતી ઉદ્યાન અને ફૂડકોર્ટ પાસે દિપાવલી મેળો અંતર્ગત સ્વસહાય જુથની મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી હસ્તકલાકારીગીરીની બેનમૂન વસ્તુઓ વેચાણ માટે મૂકવામાં આવી છે. આ દિવાળીને અવસર બનાવીએ વોકલ ફોર લોકલનો અને સ્થાનિક કલાકારો પાસેથી વસ્તુઓ ખરીદાય એવા ઉદ્દેશ સાથે વિધાનસભાના દંડક રમેશભાઇ કટારા, સાંસદ જસવંતસિંહ ભાભોર અને બચુભાઇ ખાબડ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલાએ આ સ્ટોલનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ડીઆરડીએના નિયામક સી.બી. બલાત પણ ઉપસ્થિત રહ્યાં હતા.

## લીમખેડા હડફ નદીના પુલ પાસે ત્યજી દીધેલ નવજાત શીશુ મળ્યું

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં આવેલ હડફ નદીના પુલ પાસે કોઈ અજાણી સ્ત્રી દ્વારા પોતાનું પાપ છુપાવવા માટે નવજાત શીશુને ત્યજી દેતાં આ અંગેની જાણ સ્થાનીકોને થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી અને પોલીસ દ્વારા બાળકીનો કબજો લઈ અજાણી વ્યક્તિ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગત તા.૨૮મી ઓકટોમ્બરના રોજ લીમખેડા તાલુકામાં આવેલ હડફ નદીના પુલ પાસે કોઈ અજાણી સ્ત્રી દ્વારા પોતાનું પાપ છુપાવવા માટે નવજાત શીશુનો નિકાલ કરવાને ઈરાદે શીશુને હડફ નદીના પુલ પાસે ત્યજી દઈ ફરાર થઈ ગયાં હતાં. વહેલી સવારના નવ વાગ્યાના આસપાસ ત્યાંથી પસાર થઈ રહેલ ગામના સરપંચ મહેશભાઈ ઝવરાભાઈ પટેલને આ અંગેની જાણ થતાં તેઓ અને ગ્રામજનો સ્થળ પર ઉમટી પડ્યાં હતાં અને તાત્કાલિક આ અંગે સ્થાનીક પોલીસને જાણ કરાતાં પોલીસ પણ દોડી આવી હતી. પોલીસે નવજાત શીશુનો કબજો લઈ આ મામલે સરપંચ મહેશભાઈ ઝવરાભાઈ પટેલે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના મુથુર માઈક્રોફોન કંપની બે કર્મચારીએ ગ્રાહક પાસેથી ઉઘારેલ હપ્તા નાણાં બેંકમાં જમા નહિ કરી છેતરપિંડી કરી

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં મુથુર માઈક્રોફોન લીમીટેડ કંપનીમાં ફરજ બજાવતાં બે કર્મચારીઓએ ગ્રાહકો પાસેથી હપ્તાના ઉઘરાવેલ નાણાં ઓફિસમાં કે, બેન્કમાં જમા નહીં કરાવી કંપની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

પગી અંકિતકુમાર સુરસિંહ (રહે.નાકા ફળિયું, કરમેલ, તા.ફતેપુરા, જિ.દાહોદ) અને પગી શૈલેષકુમાર પ્રભાતસિંહ (રહે.બેચર, લાખાવાળુ ફળિયું, તા.શહેરા, જિ.પંચમહાલ) આ બંન્ને જણાએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાંથી મુથુટ માઈક્રોફોન લીમીટેડ કંપનીના ગ્રાહકો દ્વારા આપવામાં આવેલ હપ્તાના નાણઆં ઉઘરાવી ઓફિસ કે, બેન્કમાં જમા નહીં કરાવી કંપની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ સંબંધે કંપનીના કર્મચારી સંદીપ રૂપકુમાર કસ્યપ દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કે આર દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ કોલેજમાં મતદાર યાદી સુધારણા અને મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો



ઝાલોદ,

કે.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ કોલેજમાં મતદાર યાદી સુધારણા અને મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા શિક્ષણ અધિકારી કાજલબેન દવે, નાયબ મામલતદાર કૃપાબેન ગઢવી, વાંગડ મોડેલ સ્કૂલના આચાર્ય મુનિયા તથા સંસ્થાના સેક્રેટરી ડો. પી.એમ.પટેલ હાજર રહ્યા હતા. સંસ્થાના આચાર્ય એમ.એમ.પટેલે સર્વે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ અને એનએસએસ વિભાગના તમામ સ્વયં સેવકો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એનએસએસ વિભાગના પ્રોગ્રામ ઓફિસર બી.એમ.ગોહિલે કર્યું હતું અને ઉપસ્થિત સર્વે મહેમાનોનો અને કાર્યક્રમને સફળ બનાવનાર હાજર રહેલ એનએસએસ વિભાગના સ્વયં સેવકો અને વિદ્યાર્થીઓનો તથા કાર્યક્રમના સ્પોન્સર પ્રેરણા જયોત ચેરીટેબલ ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સોમનાથમાં ૧૫૫૧ ફૂટના રાષ્ટ્રધ્વજની શૌર્ય યાત્રા કાઢશે

વેરાવળ,

સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ જણાવ્યું છેકે, આ કાર્યક્રમ સવારે ૯ વાગ્યે યોજાશે. જેમાં વોક-વે પર આગળ જીપ્સીમાં ગાંધીજી, ભારત માતા અને સરદાર વલ્લભભાઈ પટેલની વેશભૂષામાં બાળકો હશે. તેની આગળ બાળકોનું સ્કુલ લાઈવ બેંડ કૂચ કરશે. બાળકો રાષ્ટ્રધ્વજના બે છેડા પકડીને આગળ વધતાં રાષ્ટ્રધ્વજ ખુલતો જશે. જ્યારે ૧૫૫૧ ફૂટનો આખો રાષ્ટ્રધ્વજ ખુલી જશે ત્યારે રાષ્ટ્રગાન કરાશે. બાદમાં સોમનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં સરદાર ચોક ખાતે શિવ તાંડવ નૃત્ય પ્રસ્તુત કરાશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બાળકો સોમનાથ દાદાની આરતીમાં ભાગ લઈ સોમનાથ મંદિર પર ધ્વજારોહણ કરશે. આ તકે સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર કરાશે.સોમનાથ મહાદેવ મંદિરે આગામી તા. ૩૧ ઓક્ટો. ૨૦૨૧ ના રોજ સરદાર પટેલ જયંતિની અનોખી રીતે ઉજવણી કરવામાં આવનાર છે. સૌપ્રથમ વખત ૧૫૫૧ ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજની શૌર્ય યાત્રા કાઢવામાં આવનાર છે. સોમનાથ ટ્રસ્ટ તેમજ ગાંધીનગરના રાધે-રાધે ગ્રુપ અને વેદ ઈન્ટરનેશનલ સ્કુલના સંયુક્ત ઉપક્રમે તા. ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર જયંતિ નિમીત્તે ગાંધીનગરના ૩૦૦ બાળકો સાથે ૧૫૫૧ ફૂટ લાંબા અને ૧૦ ફૂટ પહોળા રાષ્ટ્રધ્વજની શૌર્ય યાત્રા નિકળશે.

## દાહોદના રાછરડા ગામે ૧૦ ગામોનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



દાહોદ,

દાહોદ તાલુકાના રાછરડા ગામે સાતમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ ૧૦ ગામનો કરવામા આવ્યો. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી કનૈયાલાલ કિશોરી, તાલુકા ભાજપ પ્રમુખ દાહોદ મુકેશભાઈ લબાના રમણભાઈ ભાભોર, વસનભાઈભુરીયા, મંગાભાઈ પરમાર ભાદુભાઈ મેડા, મેલાપભાઈ રોઝ, નરેશભાઈ મકવાણા, ગોમાભાઈ ધાનકી, નટવરભાઈ પડવાલ, ભરતભાઈ સરતાના, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચઓ, ડે.સરપંચઓ, આગેવાનો, ગ્રામજનો, અધિકારી મિત્રો હાજર રહ્યા યોજનાની માહિતી આપી અને વિવિધ યોજનાઓના લાભો આપીયા.

## ઝાલોદના સારમારયા ગામે બાઈક સ્લીપ ખાતા ગંભીર ઈજાઓ ચાલકનું મોત

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના સારમારયા ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મોટરસાઈકલ સ્લીપ ખવડાવી દેતાં ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજયાંનું જાણવા મળે છે.

ગત તા.૨૫મી ઓક્ટોમ્બરના રોજ ઝાલોદ તાલુકાના ટાંડી ગામે જુની ટાંડી ખાતે રહેતાં મહેન્દ્રભાઈ વાલુભાઈ મછાર પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી સારમારયા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટરસાઈકલ સ્લીપ ખાઈ ગઈ હતી અને મહેન્દ્રભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાતાં તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ટાંડી ગામે રહેતાં વાલુભાઈ માલજીભાઈ મછારે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુજરાત નર્સિંગ કાઉન્સીલના રજીસ્ટ્રાર ડૉ.પ્રજ્ઞાબેન ડાભીને રાષ્ટ્રપતિ એવોર્ડ

નવી દિલ્હી,

ગુજરાત નર્સિંગ કાઉન્સીલના રજીસ્ટ્રાર ડૉ.પ્રજ્ઞાબેન ડાભીને તાજેતરમાં રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત થવા બદલ દક્ષિણ ગુજરાતની ૨૫ નર્સિંગની કોલેજોના પ્રિન્સીપાલો દ્વારા શાલ ઓઢાડીને તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં કોરોના કાળ દરમિયાન કપરી કામગીરી કરીને કોલેજમાંથી વિદાય લઈ રહેલા નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે રાજય સરકાર દ્વારા તાજેતરમાં ૩૦૦૦ નર્સિંગ સ્ટાફની ભરતી કરવામાં આવી હતી જે પૈકી નવી સિવિલ હોસ્પિટલમાં ૨૦૦ જેટલા ભરતી થયેલા નવનિયુક્ત નર્સિંગ સ્ટાફનું ફુલ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ગણેશ ગોવેકર, આર.એમ.ઓ. કેતન નાયક, નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ ડૉ.ઈન્દ્રવતીરાવ, ગુજરાત નર્સિંગ કોલેજના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, દ.ગુ.ના નર્સિંગના દિનેશ અગ્રવાલ તથા દક્ષિણ ગુજરાતની નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલો નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાસરકારે જણાવ્યું કે, સમગ્ર ભારતમાં ૧૦૦ કરોડ નાગરિકોને વેકસીન ડોઝ આપીને સુરક્ષિત કરવામાં આવ્યા છે.

## દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાંથી લોક મારી પાર્ક કરેલ એક વ્યક્તિની મોટરસાઈકલની ઉઠાંતરી

દાહોદ,

ગત તા.૨૭મી સપ્ટેમ્બરના રોજ લીમખેડા નગરમાં ઝાલોદ રોડ ખાતે સ્વામિનારાયણ બેન્ક ઓફ ઈન્ડિયાની બાજુમાં રહેતાં મુકેશભાઈ પુનાભાઈ લુહારે પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મુકેશભાઈ પુનાભાઈ લુહારે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.59

## કડાણા તાલુકાના ખરસોલી ગ્રામ પંચાયતનો તલાટી

# મકાન આકારણીમાં ૫૦૦ રૂા. લાંચ લેતા ACB એ રંગેહાથે ઝડપ્યો

લુણાવાડા,

મહિસાગર જીલ્લાના ખરસોલી પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા અરજદાર પાસેથી મકાનની આકારણી માટે લાંચની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોય જેથી એસીબી શાખાનો સંપર્ક કરી ફરિયાદ કરતા એસીબીએ છટકું ગોઠવીને આજરોજ ખરસોલી તલાટીને ૫૦૦ રૂપીયાની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યો. તલાટી કમ મંત્રી ૫૦૦ રૂપીયાની લાંચમાં ઝડપાઈ જતા અન્ય લાંચિયા કર્મચારીઓમાં



ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

મહિસાગર જીલ્લાના કડાણા તાલુકાના ખરસોલી ગામના અરજદારના મકાનની આકારણી માટે તલાટી કમ મંત્રીને મળ્યા હતા. ત્યારે ખરસોલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી રાજેન્દ્ર કટારા દ્વારા ૫૦૦ રૂપીયાની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોય જેથી મહિસાગર એસીબી શાખામાં મળીને લાંચ બાબતે ફરિયાદ કરી હતી. મહિસાગર એસીબી દ્વારા અરજદારની ફરિયાદના આધારે છટકું ગોઠવવામાં આવ્યું હતું. આજરોજ ખરસોલી પંચાયતના તલાટી રાજેન્દ્ર કટારા એ અરજદાર પાસેથી આકારણી માટેની ૫૦૦ રૂપીયાની લાંચ સ્વિકારતા એસીબીની ટીમ દ્વારા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. દિવાળીના તહેવારમાં એસીબી વિભાગ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ગીફ્ટ અને વ્યવહારના નામે કરાતી ઉઘરાણીને ડામવા માટે સક્રિય થઈ છે. ત્યારે આજરોજ મહિસાગર જીલ્લાના ખરસોલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી મકાનની આકારણી માટે ૫૦૦ રૂપીયાની લાંચ લેતા એસીબીના છટકામાં રંગેહાથે ઝડપાઈ જવા પામ્યો છે. મહિસાગરના કડાણા તાલુકાના તલાટી કમ મંત્રી ૫૦૦ રૂપીયાની લાંચ લેતા એસીબી એ ઝડપી પાડતા અન્ય લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ગોધરા પાલિકાનું ૧ કરોડનું બિલ બાકી દિવાળી અંધકારમાં...

ગોધરા,

ગોધરા શહેરમાં વિવિધ વિસ્તારમાં આશરે ૮૪૦૦ બલ્બની સ્ટ્રીટ લાઇટ લગાવેલી છે. પાલિકામાં રોજ એલઈડી લાઇટ બંધ થયાની ૮૦ જેટલી ફરીયાદો આવે છે. આ એલઈડી લાઇટ રીપેરીંગની કામગીરી માટે પાલિકાએ ખાનગી કોન્ટ્રાકટરને કામગીરી સોંપી છે. નગર પાલિકા શહેરીજનો પાસેથી લાઇટ વેરો ઉઘરાવે છે. ત્યારે આ એલઈડી લાઇટ મેન્ટેનન્સની કામગીરી કરતા ખાનગી કોન્ટ્રાકટરને પાલીકાએ છેલ્લા ૧૧ માસથી કામગીરી ના પેસા ન આપતાં પાલિકા પાસે રૂપિયા એક કરોડ જેટલા મેન્ટેનન્સ પેટે લેવાના બાકી હતા.નગર પાલિકા શહેરીજનો પાસે લાઇટવેરાની લાખો રૂપિયાની ઉઘરાણી કરે છે. નગરજનો સમયસર વેરો ભરે છે. પણ પાલિકા લાઇટ વેરા પેટે ઉઘરાવેલો રૂપીયા ખાનગી કોન્ટ્રાકટરને ન ચુકવતાં લાઇટ વેરો પાલિકામાંથી કયાં જાય તે એક પ્રશ્ન ઉઠયો છે. વેરાની ઉઘરાણી કરતી પાલીકા કોન્ટ્રાકટરને એક કરોડ જેટલી મલતર રકમ ચુકવવા અસમર્થ રહેતાં નગરજનો લાઇટ વેરો ભરવા છતાં પોતાના ઘર પાસેની બંધ એલઈડી લાઇટ રીપેરીંગ ન થતાં દિવાળી અંધરામાં



મનાવવાની નોબત આવશે. છેલ્લા ૧૧ માસથી એલઈડી લાઇટ રીપેરીંગના એક કરોડ જેટલી રકમ પાલીકાએ ચુકવી નથી. કલેકટર , ચીફઓફિસર તેમજ પાલિકા પ્રમુખને રજુઆત કરવા છતાં અમને મેન્ટેન્સના રકમ ચુકવી નથી. જેથી અમે શહેરની એલઈડીની રીપેરીંગ કામગીરી બંધ કરી દીધી છે. લાઇટ આવશ્યક સેવા જાહેર કરેલ છે. કોન્ટ્રાકટર દ્વારા આવી રીતે દિવાળીના તહેવારના સમયે મનસ્વી રીતે કામગીરી બંધ કરી દીધી છે. પ્રશ્ન હતો તો પાલીકા સાથે બેસીને હલ કરવો જોઈએ. આવી રીતે મેન્ટેનન્સ કામગીરી બંધ કરી યોગ્ય નથી.પ્રકાશવર્ષના તહેવાર પહેલા ગોધરા નગર પાલિકાની અણઆવડત વહીવટના કારણે બંધ થયેલ એલઈડી સ્ટ્રીટ લાઇટો ચાલુ નહિ થવાની વિસ્તારોમાં અંધકારમય પર્વ જેવું બનશે. એલઈડી લાઇટ કોન્ટ્રાકટરના મેન્ટેનન્સ કામગીરી પેટેના એક કરોડ જેટલા બાકી નાણા પાલિકા ન ચુકવતાં કોન્ટ્રાકટરે મેન્ટેનન્સ કામગીરી બંધ કરી દીધી હતી. જયારે પાલિકાએ લાઇટ આવશ્ય ચીજવસ્તુઓમાં આવતી હોવાથી તહેવારના સમયે કોન્ટ્રાકટરે કામગીરી બંધ કરવી જોઈએ નહિ તેમ જણાવી પાલિકાએ હાથ અધ્ધર કર્યા. જે અંગે કોન્ટ્રાકટરે જિલ્લા કલેકટર ,પાલિકા ચીફ ઓફિસર અને નગર પ્રમુખને અનેકવાર રજૂઆત કરવા છતાં પાલિકાએ બાકી પેટેના એક કરોડ રૂપિયા ન આપતાં ખાનગી કોન્ટ્રાકટરે દિવાળીના તહેવાર પહેલા કામગીરી બંધ કરી દેતાં કેટલાક વિસ્તારોમાં અંધકારમય રહેવાની શકયતાઓ દેખાઈ રહી છે. દિવાળી તહેવારમાં ખાનગી કોન્ટ્રાકટરે મેન્ટેનન્સ નહિ કરીને હાથ અધ્ધર કરી દેતાં પાલિકાએ લાઇટ આવશ્ય વસ્તુઓમાં આવતી હોવાથી કામગીરી બંધ કરી શકે નહિ તેમ જણાવીને અણઆવતડ વહીવટ છુપાવી રહ્યા છે.

> **ગોધરા પાલિકા દ્વારા ખાનગી કોન્ટ્રાકટરને એલઈડી લાઈટ મેન્ટેનન્સની કામગીરી સોંપી છે. કોન્ટ્રાકટરને છેલ્લા ૧૧ માસથી મેન્ટેનન્સ કામના ૧ કરોડ ચુકવણું કરવાનું બાકી છે. પાલિકા દ્વારા નાણાં નહિ ચુકવાતા સ્ટ્રીટ લાઈટ મેન્ટેનન્સની કામગીરી બંધ કરેલ છે. જેને લ્ઈ શહેરના અનેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા નગરજનો પરેશાન થઈ રહ્યા છે. પાલિકા વિભાગે એલઈડી લાઈટ મેન્ટેનન્સનો કોન્ટ્રાકટ ખાનગી એજન્સીને આપ્યો હતો.**

કોન્ટ્રાકટરે કામગીરી બંધ કરતાં સ્થાનીક પાલિકા સભ્યો પાસે એલઈડી લાઇટ બંધની ફરીયાદો આવતાં સભ્યોની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઇ ગઇ છે. ત્યારે પાલિકા વહેલી તકે આ પ્રશ્નોનો નિકાલ લાવે જેથી પ્રકાશવર્ષના તહેવારને નગરજનો પ્રકાશમાં મણાવી શકશે. ત્યારે પાલિકાના ચીફઓફિસરને તહેવારના દિવસોમાં નગરજનોની મુશ્કેલીઓનો તાત્કાલીક દુર કરવાને બદલે આ પ્રશ્ન બોર્ડમાં મુકીશું તેમ જણાવતા ચીફ ઓફિસરમાં વહીવટી સૂઝબુઝનો અભાવ દેખવા મળી રહ્યો છે.

## શહેરા ખાતે સંદેશે આતે હે હમે તડપાતે હે.. દેશભક્તિના ગીતો સાથે મીણબત્તી પ્રગટાવી વીર શહીદોને શ્રદ્ધાજંલી અપાઈ

શહેરા,

શહેરામાં કોંગ્રેસ અગ્રણી અને યુવાનોએ માં ભોમની રક્ષા કાજે શહીદ થયેલા વીરજવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. હાથમાં તિરંગા અને મીણબત્તી સાથે ડીજે પર સંદેશે આતે હે ''માં તુજે સલામ'' જેવા ગીતો સાથે વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયુ હતું.

દેશની રક્ષા કાજે સરહદ પર પરિવારથી દુર રહેતો જવાન પોતાના પ્રાણની આહુતિ આપી દેતા ખચકાતો નથી. આંતકવાદી હુમલા હોય કે કુદરતી આફત દેશનો વીર જવાન જાનની બાજી લગાવી દે છે. જમ્મુ કાશમીરમાં થતા આંતકવાદી હુમલાઓ સામે દેશના બહાદુર જવાનો મૂકાબલો કરીને ત્રાસવાદીઓને ઠાર કરે છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

હાલમા કપડવંજ તાલુકાના વીર જવાન હરીશસિંહ પરમાર જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ સામે લડતા શહીદી વ્હોરી હતી. જેમની અંતિમ યાત્રામાં પણ હજારોની સંખ્યામાં માનવ મહેરાણ ઉમટ્યુ હતું અને ભીની આંખે અંતિમ વિદાય આપવામા આવી હતી. તાજેતરમાં ગુજરાત અન્ય પડોશી રાજયના જવાનો શહીદ થયા હતા. જેમાં જયદિપસિંહ સોલંકી, કરણવીરસિંહ રાજપુત, મહેશભાઈ મક્કાનો સમાવેશ થાય છે. દેશના જવાનોને શ્રદ્ધાસુમન આપવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે શહેરામાં આ શહીદ જવાનોને શ્રદ્ધાજંલી આપવામાં આવી હતી. દેશ ભક્તિના ગીતો સાથે અણિયાદ ચોકડીથી બસ સ્ટેશન સુધી રેલી કાઢવામાં આવી હતી. જેમાં કોંગ્રેસ અગ્રણી દુષ્યંત સિંહ ચૌહાણ, મનજીત વિશ્વકર્મા સહિત સ્થાનિક નગરજનો તેમજ ગ્રામીણ વિસ્તાર માંથી આવેલા યુવાનો જોડાયા હતા. હાથમાં પ્રગટાવેલી મીણબત્તી લઈને નીકળેલી રેલી બસ સ્ટેશન તરફ આગળ વધી હતી. હાથમાં તિરંગા સાથે અને ડીજે પર દેશભક્તિના સંદેશે આતે હે ''માં તુજે સલામ'' જેવા ગીતો સાથે વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયુ હતું. માં ભોમની રક્ષા કાજે શહીદ થયેલા વીરજવાનોને ભીની આંખે શ્રદ્ધાજંલી પાઠવી હતી.

## ઘોઘંબા મુખ્ય માર્ગના કામમાં ગેરરીતિ : રાત્રીના સમયે કામ કરતા ઈસમો એ કેબીનો ઊંધા વાળ્યા

ઘોઘંબા,

ઘોઘંબા નગરમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્ય રસ્તાનું કામકાજ ચાલી રહ્યું છે. જેમાં કોન્ટ્રાકટર દ્વારા રાત્રીના સમયે કામ કરી ભ્રષ્ટાચાર આચરી રહ્યા હોવાની લોકબૂમ ઉઠી છે. આ અંગે PWD ના અધિકારીઓને આ બાબતની જાણ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. રોડનું કામ ચાલતુ હોય ત્યારે તંત્રના કર્મચારીની હાજરી હોવી જરૂરી છે. તેવામાં રાત્રીના સમયે કયા અધિકારી અહીં ફરજ બજાવે છે. વારંવારની



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

રજુઆત છતાં PWD ના અધિકારીઓની મિલીભગતને કારણે અહીં વ્યવસ્થિત કૌભાંડ કરવામાં આવી રહ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રોડમાં ચાલતા ભ્રષ્ટાચારના સમાચાર છાપનાર યોગેશ કનોજીયા નામના પત્રકારના કેબીનને રોડ નું કામ કરતા મજુરો અને રોલર ચાલક દ્વારા કેબિનને નુકશાન કરવામાં આવ્યું છે. તેના અનુસંધાને રાજગઢ પોલીસ મથકે અરજી પણ આપવામાં આવી છે.

ઘોઘંબા નગર માંથી થોડા દિવસો અગાઉ મજૂરના સ્વાંગમાં ચોરી જેવા ગુનાઓમાં સંડોવાયેલ આરોપી ઝડપાયો હતો. ત્યારે રાત્રીના સમયે કામ કરતા મજુરોની આડમાં મોટી ચોરીને અંજામ અપાઈ તો જવાબદારી કોની તે એક ચર્ચાનો વિષય બન્યો છે.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે NSSનો ''ક્લીન ઈન્ડિયા-ગ્રીન ઈન્ડિયા''નો કાર્યક્રમ યોજાયો

ગોધરા,

શ્રી ગોવિંદ ગુ યુનિવર્સિટી ના એન.એસ.એસ.વિભાગ દ્વારા કોમર્સ કોલેજ ગોધરા ખાતે ક્લીન ઈન્ડિયા ગ્રીન ઈન્ડિયાના સૂત્ર હેઠળનો સ્વચ્છતા, સિંગલ યુઝ પ્લાસ્ટિક અવેરનેસ તેમજ જનસંપર્કનો એક સુંદર કાર્યક્રમ ગુજરાત, દીવ–દમણ અને દાદરાનગર હવેલીના રિજિયોનલ ડાયરેક્ટર ડો.ગીરધરલાલ ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો જેમાં એન.એસ.એસ.ના ૧૦૦ ઉપરાંત સ્વયંસેવક ભાઈ–બહેનો ઉપસ્થિત રહ્યા હતા.




આ કાર્યક્રમના અધ્યક્ષ પદે કોલેજ સંચાલક મંડળના પ્રમુખ અને પૂર્વ સાંસદ ગોપાલસિંહજી સોલંકી જ્યારે મુખ્ય મહેમાન પદે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ના રજિસ્ટ્રાર ડો. અનિલભાઈ સોલંકી, અતિથિ વિશેષ પદે લો કોલેજ ગોધરાના આચાર્ય ડો.અપૂર્વ પાઠક તેમજ બી.એડ કોલેજ ગોધરાના આચાર્ય ડો. આર.જી.પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના પ્રવચનમાં રીજિયોનલ ડાયરેક્ટર ડો. ગીરધરલાલ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ ભારત સરકારના ખેલકૂદ મંત્રાલય નવી દિલ્હી દ્વારા સંચાલિત છે. જે સમગ્ર દેશમાં જેટલા એન.એસ.એસ એકમો છે. ત્યાં યોજાઈ રહ્યો છે. ખાસ કરીને આ કાર્યક્રમમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે જનતાને જાગૃત કરવાનો મુખ્ય આશય છે. આવું પ્લાસ્ટિક કે જેનો સરળતાથી નાશ થતો નથી અને ગૌવંશ સહિતના પશુઓ તેને ખાય છે અને ભયાનક રીતે ક્યારેક મૃત્યુ પણ પામે છે. આ અંગે એન.એસ.એસ.ના સ્વયંસેવકો મારફતે સમગ્ર જનતાને જાગૃત કરવાનો આશય સાથેનો આ કાર્યક્રમ છે જે આગામી સમયમાં આવા પ્લાસ્ટિકની ગંભીર અસરથી જનતાને કેવી રીતે બચાવી શકાય તે માટે નો છે.

પ્રારંભમાં એન.એસ.એસ. ના યુનિવર્સિટીના કો–ઓર્ડીનેટર ડો નરસિંહભાઈ પટેલ દ્વારા તમામ મહાનુભાવોનું દબદબાભેર બુક ,શાલ અને સુતર ની આટી થી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ગોપાલસિંહ સોલંકી દ્વારા પણ વિશેષ માર્ગદર્શન અપાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર અરૂણસિંહ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

## બેન્ક ઓફ બરોડાની ઘોઘંબા શાખામાં ખાતેદારોની લાઈનો

ઘોઘંબા,

ઘોઘંકા તાલુકાની રાષ્ટ્રીય બેંકોમાં નોટ બંધી બાદ પણ ખાતેદારોની લાઈનો ઓછી થતી નથી. ગ્રામ્ય વિસ્તાર માંથી બેન્કના કામ માટે આવતા લોકોએ બહાર લાઈનો લગાવવાની ફરજ પડી હતી. દિવાળીનો તહેવાર તેમજ ગ્રામ્ય વિસ્તારોના લોકોને અપાતી સહાયના નાણાં લેવા તેમજ ચેક કરવા તથા અન્ય કામો માટે આવતા ખાતેદારો એ બેન્ક બહાર લાઈનો લગાવી હતી.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

## ગોધરા-દાહોદમાં ગુરુપુષ્ય નક્ષત્રમાં રૂ. ૭ કરોડના સોના-ચાંદી ખરીદાયા

ગોધરા,

દાહોદ શહેર સહિત જિલ્લાના બજારોમાં દિવાળીની રોનક જોવા મળી રહી છે. આસો વદ -૭ ને ગુરૂવાર તા. ૨૮-૧૦-૨૦૨૧ ના રોજ ગુરૂપુષ્યામૃત યોગમાં લોકોએ વ્યાપારના ચોપડા, ઘરની જીવન જરૂરી ચીજ વસ્તુઓ, પૂજાની સામગ્રી સાથે અત્યંત ઉત્તમ અને શુભ ફળદાયી ગણાતા સોના અને ચાંદીની પણ ખરીદી કરી હતી. દાહોદ શહેર સહિત જિલ્લામાં એક અંદાજ મુજબ બે કરોડ રૂપિયાના સોના અને ચાંદીની લોકો દ્વારા ખરીદી કરવામાં આવી હતી. ચાંદીના ભાવમાં ભડકો હોવાથી તેની ખરીદી ઓછી થઈ હતી.દિવાળી પૂર્વ પુષ્ય નક્ષત્રના મહામુહુર્તમાં ગોધરાના સોની બજારમાં સોનાં ચાંદીના દાગીનાની ખરીદીનો ધમધમાટ મોડે સુધી ચાલુ રહ્યો હતો.ગોધરા શહેરના સોનીવાડ વિસ્તારમાં આવેલી સોનાં ચાંદીના જવેલર્સોની દુકાનમાં વહેલી સવારથી લોકો ગુરુ પુષ્ય નક્ષત્રના મહામુહુર્તમાં ખરીદી કરતા દુકાનો ભીડ ઉમટી પડી હતી. ગોધરામાં ૮૦ કરવા વધુ સોનાં ચાંદીની દુકાનો આવેલી છે. ગુરુ પુષ્યનક્ષત્રના અવસરે સોની બજારમાં દરવર્ષની માફક આ વર્ષે પણ ખરીદી વધી હતી. ગોધરામાં રૂા. ૫ કરોડ કરતાં વધુ રકમની સોના ચાંદીની ખરીદી થઈ હોવાનું સોની બજારના અગ્રણી હરેશભાઈ સોનીએ જણાવેલ હતું. સોનાનો ભાવ ગત વર્ષ જેટલા જ આ વર્ષે છે. પણ ચાંદીમાં ગત વર્ષ કરતાં રૂા.૭ હજારનો ભાવમાં વધારો હોવા છતાં લોકો ચાંદીની અને સોનાની લગડીઓ ખરીદી કરી હતી. ગોધરાની આસપાસના ગામડાના લોકો પણ આ શુભ મુહર્તને લઈને સોના ચાંદીની ખરીદી કરી હતી. ત્યારે સોની વેપારીઓને ધનતેરસ અને દિવાળીમાં સોના ચાંદીની ખરીદી સારી થશે તેવી આશા દેખાઈ રહી છે. તથા મોટી સંખ્યામાં વેપારીઓ નવા વર્ષના ચોપડાની ખરીદી પણ ગુરુ પુષ્ય નક્ષત્રના શુભ દિવસે કરતા ચોપડાની દુકાનોમાં પણ ભારે ભીડ જોવા મળી હતી.

## ગોધરા સીવીલ હોસ્પિટલના સફાઈ કામદારોને બે માસનો પગાર ન મળતાં કામથી અળગા રહી વિરોધ કર્યો

ગોધરા,

ગોધરા સીવીલ હોસ્પિટલના સફાઈ કામદારોનો બે માસનો પગાર ન થતા કામગીરી થી અળગા રહીને વિરોધ નોંધાવ્યો છે. તમામ સફાઈ કામદારોએ દિવાળી પહેલા પગારની માંગ સાથે જીલ્લા કલેકટર કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા. પંચમહાલ જીલ્લાની મુખ્ય ગણાતી ગોધરા સિવિલ હોસ્પિટલમાં કરાર આધારિત ફરજ બજાવતા સફાઈ કામદારોનો બે માસનો પગાર બાકી રહેતા તેઓની આર્થિક સ્થિતિ કફોડી બની છે. દિવાળી પર્વ નજીક હોવા છતાં પગાર ન થતા કામદારોમાં ભારે રોષ ફેલાયો છે. જેને લઈ તેઓની કામગીરી થી



અળગા રહીને વિરોધ નોંધાવી રહ્યા છે. દિવાળીના તહેવારોને અનુલક્ષીને સરકાર દ્વારા પણ કર્મચારીઓના પગાર કરી દેવામાં આવ્યા છે. તેમ છતા ખાનગી એજન્સીના સંચાલકો પોતાની મનમાની કરી સમયસર પગારના કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરી રહ્યા છે. જેને લઈ આજે કામદારો મોટી સંખ્યામાં ગોધરા કલેકટર કચેરી ખાતે જીલ્લા કલેકટર ને રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. દિવાળી પર્વ પહેલા પગાર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.